એ ચોરી તો નહિ કરવા માગતો હોય ? ના, ના, એ તો અમસ્તો જ. પણ બીજી જ પળે ભૂતકાળને ખંખેરી કાઢી વર્તમાન યાદ આવતાં હું સાવધ થયો. મારી ફરજનું ભાન તરત જ જાગ્યું ને જરા ફરી નજર કરું ત્યાં તો મારી પોતાના પર પડતી સીધી નજરને પણ જાણે ન ગણકારતો હોય તેમ પેલો વિદ્યાર્થી ખીસામાંથી ચોવડો વાળેલો એક કાગળ જોરથી ખેંચી કાઢી બાંકડા પર મૂકી તેમાંથી પોતાના ઉત્તરપત્રમાં કંઈક ઉતારવા પણ મંડી ગયો. એની ધૃષ્ટતા કેવી અજબ ? મારી સાવધાની તથા સીધી નજરની પણ પરવા નહિ ! મારું સુપરવાઈઝર તરીકેનું ગૌરવ જરા ઘવાતું મને લાગ્યું. તેને પકડી શિક્ષા કરવી જ જોઈએ એવો નિર્ણય મારા મને તરત જ સૂચવ્યો.

બીજી જ પળે મારી એ સખ્તાઈની વૃત્તિ ચાલી ગઈ. મારો પોતાનો ભૂતકાળ મને સાંભરી આવેલો એટલે વિદ્યાર્થીઓ પ્રત્યે બને તેટલી સહાનુભૂતિ વાપરવાનો પણ મારો નિશ્ચય થયો. મને તો આંખ આડા કાન કરવાની ને એ છોકરાને બચાવી લેવાની મને વૃત્તિ થઈ આવી. પણ માનવીનું મન આવે વખતે નારદમુનિ જેવા અટકચાળા કરવાની પોતાની આદત ભૂલી શકતું નથી. પેલા વિદ્યાર્થીને ધીમે અવાજે ખાનગીમાં એમ ન કરવાની ચેતવણી આપવાને જ્યાં હું તેની બેઠક તરફ મારાં પગલાં વાળું છું ત્યાં મને અટકચાળું કર્યું: 'દશ રૂપિયાનું અતિ ઉદાર રોજ તને આપનાર યુનિવર્સિટીના નિમકહરામ તારાથી કેમ થવાય ?'

આ ધર્મસંકટનો ઉકેલ કરું ન કરું ત્યાં તો ગહુ

કઃક ખાતાના અમારા સીનીઅર સુપરવાઈઝરનું બેઠી દડીનું અક્કડ ચાલે ચાલતું શરીર હોલના પ્રવેશદ્વારમાં દેખાયું. ગુજગીના જેવી તીક્ષ્ણ નજરથી દર વર્ષે ચોરીના એક બે કિસ્સા તો એમને હાથે પકડાવાજ એવી એમની પ્રતિષ્ઠા જામી ગઈ હતી. હજુ ગઈ સાલ પોતાની ફરજમાં મોળા જણાતા એક સુપરવાઈઝરને તેની વિરુદ્ધ રિપોર્ટ કરી તેમણે કાઢી નખાવ્યો હતો. એમના દર્શન થતાં વેંત મારી વ્યવહારુ બુદ્ધિએ સહેજ થઈ જઈ પરિસ્થિતિ પારખી લીધી. મારું ધ્યાન જાણે તેજ ક્ષણે ત્યાં ગયું હોય તેમ પેલી બેંકે હું તરતજ ખસી ગયો. પેલા જુવાનના હાથ તળેથી પેલો કાગળિયો તથા ઉત્તરપત્ર ખૂંચવી લઈ 'What is this!' કહેતોક મારી પાછળ આવતા સાહેબના હાથમાં સોંપી હું મારી પ્રથમ જગ્યાએ જઈ ઊભો.

કાગળો જોઈ સાહેબે જરા ડોકું ધુણાવ્યું અને પેલા જુવાન તરફ ફરી બોલ્યાઃ 'Come on, follow me.' ત્વરાથી પોતાની બેઠકથી ફરી જાણે કશુંય અસ્વાભાવિક બન્યું ન હોય તેમ ઝડપથી તેમની પાછળ ચાલતા પહેલા જુવાનને હું જોઈજ રહ્યો. તેના મોં પર શરમ કે દુઃખની છાયાને બદલે નાનકડું સ્મિત હતું! મને એનું કારણ સમજાયું નહિ. આગળ ચાલતા સાહેબ અને પાછળ જતા એ વિદ્યાર્થીને બારણાની પાછળ બેઉ અદૃશ્ય થયા ત્યાં સુધી મેં જોયાજ કર્યો.

પાણી તો બીજા બે કલાક પછી પીધું પીતાં જ, કેમ પીતાં ગયા, એની મને કશી ગમ રહી નહિ.

૨

બીજે દિવસે કામ પર ચડતાં સીનીઅર સુપરવાઇઝર સાહેબ મારી પાસે આવી બોલ્યા: ' મી. કનકપ્રસાદ, પેલો કાલવાળો નંબર તો જબરો, ભાઈ. મેં એને પૂછ્યું ત્યારે જરાય ગેંગેંફેંફેં ન કરતાં કે જરાય નામુક્કર ન જતાં સ્પષ્ટતાથી પળવારમાં જ તેણે ઇરાદાપૂર્વક પોતે ગુનો કર્યાનું કબૂલી લીધું. ગુનેગાર ગુનો કબૂલ કરે પછી આપણા હાથમાં બીજું શું બાકી રહે ?'

મને બહુ નવાઈ લાગી. આગલે દિવસે પણ પકડાતી વેળા તેના મોં પર જરાય ક્ષોભ, ગભરાટ કે શરમનું ચિહ્ન ન હતું, પણ તે હસતો જણાતો હતો. સાહેબ આગળ પણ બેધડકપણે તેણે પોતે ઘેરથી કાગળ લખી લાવેલો તેવું કહી દીધું. આ તે કેવો વિલક્ષણ છોકરો ? મને તેની હિંમત અને સચ્ચાઈ માટે માન થયું.

પણ એ લાગણી થતાં તરત જ બીજી એક લાગણીએ મારા હૃદયમાં પ્રવેશ કર્યો. હું એની પાયમાલીનું કારણ બન્યો એની પશ્ચાત્તાપયુક્ત ગ્લાનિ મારા સમસ્ત ચિત્તંત્રને આવરી બેઠી. સામી બેઠક પર મારી દૃષ્ટિ સહસા પડી પણ તે જગ્યા ખાલી હતી. બીજા દિવસથી હોલમાં ન આવવાને તેને ફરમાન મળી ગયું હતું. મારું ચિત્ત ચગડોળે ચડ્યું. કેવા ઉત્સાહ ને આનંદથી સુપરવાઇઝર તરીકેની મારી નિમણૂંકના ખબર મેં વધાવી લીધા હતા ! ત્રણ ત્રણ વરસથી અરજીઓ કર્યા કરતા એવા મને સાડાચાર દિવસના પિસ્તાળીસ રૂપિયાની અર્થપ્રાપ્તિ આ બેકારીના જમાનામાં

એટલી આવક ન હતી. મારી પત્નીએ પણ હરખમાં ને હરખમાં કેવું કહી નાખેલું કે, 'આના રૂપિયા આવે ને એમાં કોઈ તમારો હક નથી, સમજ્યાને ! એની તો આપણી ચંપા વાસ્તે બંગડીઓ કરાવવાની છે. તમારે ઈ સંભારવું.' આવામાં આજે આ બનાવ બન્યો. 'હવે તો કોઈ દિવસ આવું ચોકીદારું નથી કરવું' એવી ઝનૂનભરી ઈચ્છા થઈ આવી.

સાંજે ઘેર જઈ હજુ હાથમોં ધોઈ પરવારું છું ત્યાં 'લાલપરશાદભાઈ છે કે ઘેર ?' કહેતી એક વિધવા સ્ત્રીએ મારા બેસવાના ખંડમાં પ્રવેશ કર્યો : પિસ્તાળીસેક વર્ષની ઉંમર, વાળ વગરનું માથું, મહેનત મજૂરીથી ઘસાયેલા હાથ તેવા જ જાડા બરછટ હાથ અને સફેદ જાડા સાડાનો ઘૂમટાવાળો સાલ્લો.

'બેસો.' મેં કહ્યું.

બાઈ ઓસરીની જમીન પર જ તે બેસી ગઈ. સામેની એક ખુરશી પર બેસવાનું મેં ઘણું કહ્યું પણ તેણે માન્યું નહિ. તેણે તરત જ શરૂ કર્યું. 'ભાઈસાબ, તમારા જેવાએ તો આમ ગરીબ ઉપર મહેર રાખવી જોઈએ.'

'બોલો, શી વાત છે ?' એની વાત ન સમજતાં મેં કહ્યું.

'મારા બિનુને તમે શું કામ પરીક્ષામાંથી કાઢી મેલ્યો ? આ વખતે જો મેટ્રિક થઈ જાત તો પછી બધું વાળી દેત. એ ભાગ્યો બાપ તો, મારો રળનારો તો એ, ભાઈસાબ.'

ને, શામળો. એ એક [illegible] [illegible] વિદ્યાર્થી
મા. મારું હૃદય ભરાઈ આવ્યું

'માજી, એ તો ધોરણ [illegible] [illegible] [illegible]. હવે એમ કરવું જોઈએ કે [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] એને ફરી મૂકજો.' મેં એને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

'એ...મ ! તો તો મને ખબર પડી કે મારે ભણતું નથી ને કામે લાગી જવું છે. પણ મેં [illegible] નહિ. આપણે મારે શેણે આવું કર્યું ! હશે...આપણાં નસીબ ખોટાં જ હોય.' આંખમાંથી નિસાસો નીકળ્યો. થોડી વાર આંખમાં આવેલું આંસુ લૂછી ને ફરી બોલી: 'ત્યારે બીજી કોઈ વાતે હવે એને આગલીમાં નો ચડાવો, શાબ ? તમને રાજી કરીશ.'

એનું ક્યાંય મેં મારા હૃદયને પીગળતી લાગતું હતું. એને મારે શી રીતે સમજાવવી કે આમાં કોઈનું કર્યું હવે ચાલે તેમ હતું નહિ ?

'માજી, મોટા સાહેબે તો યુનિવર્સિટીમાં એનો રિપોર્ટ પણ કરી નાખ્યો છે. અને આ પરીક્ષા પાસ કર્યા વગર કોઈને નિશાળોની માફક આગળ ચડાવવામાં નથી આવતા. હવે કાંઈ થઈ શકે નહિ આમાં.'

પોતાના સાડલાના છેડાની ગાંઠ છોડી તેમાંથી બે રૂપિયા કાઢી તે બોલી: 'પણ મારા પડોશી નારણ પઢિયારના દીકરાને તો પાંચમીમાંથી છઠ્ઠીમાં ચડાવ્યો'તો. ને નારણભાઈએ ટપુના માસ્તરને પછી રાજી કર્યો'તો.'

એના ભોળપણમાં હાસ્યજનક તત્ત્વ હતું તેના કરતાં સમાજ–વ્યવહાર પરનો એક ક્રૂર કટાક્ષ વધુ હતો.

'ના, સાહેબ, [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].'

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] 'આવા [illegible] [illegible] [illegible] [illegible] [illegible]' [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] 'દર્દીઓને [illegible] [illegible] [illegible] નહિ થાય. [illegible] [illegible] [illegible] [illegible].'

[illegible] [illegible] [illegible] [illegible] [illegible]...[illegible] ક્રિયા [illegible] [illegible] અને [illegible].

[illegible] દિવસો મેં [illegible] [illegible] પૂરા કર્યાં. [illegible] [illegible] [illegible] '[illegible]' [illegible] [illegible] [illegible] હતો.

[illegible] બાદ થોડી એક [illegible] [illegible] [illegible] નામ પોતાનો દબાવી આંસુ લાવી બોલ્યો. ઉપરવાળાની મહે-રેની આમદનીના મહેનતાણાના પૈસાનો મનીઓર્ડર આવ્યો હતો. હરખભેર એ પૈસા હાથમાં લઈ હું ત્યાં જેવો ગયો દવાથી પૈસો કરવો પ્રસંગ એને મેં વિસ્મૃતિમાં દાટી દીધો હતો તે પુનઃ જાગૃતી આવ્યો. પેલી વિધવા રોતી ગઈ સાથ આપી કહી રહી હતી: 'મરીજને દુઆથી રોગ સુધારો નહિ થાય.' મારા હાથની આંગળીઓ ઢીલી પડી. પૈસા પડી જવા લાગ્યા. એક રૂપિયો જમીન પર રહી પડતાં રણકારથી અવાજ આવ્યો રણકો: 'હાં, પૈસા પૈસા આવ્યા ને ! જુઓ. હવે એ વાપરી નાખવાના નથી હો ! મહેનતની

કાનની બુટ્ટીઓ માટે જ છે એ, સમજ્યાને? લાવો અહીં, મારી આગળ.' એ અવાજે મને ભાન આવ્યું. પેલી ડોશીને ખોળી આ બધાય પૈસા તેના હાથમાં મૂકી દેવાની તે વખતે થઈ આવેલી મારી ઇચ્છા મારી ગૃહિણી દેવીના આ સ્વરે અનંતતામાં શમાવી દીધી.

તે જ દિવસનાં છાપામાં યુનિવર્સિટી તરફથી પરીક્ષાના હોલમાં ચોરી કરનાર જે વિદ્યાર્થીઓને શિક્ષા ફરમાવવામાં આવી હતી તેમાં પેલા વિદ્યાર્થીનું નામ પણ મેં વાંચ્યું.

૩

એ પ્રસંગ પાંચેક વર્ષ જેટલો જૂનો થઈ ગયો હતો. ખરું પૂછો તો હવે મને એની સ્મૃતિ કદી સતાવતી પણ નહોતી. સમયે પોતાનું કામ કર્યું હતું.

સવારમાં હું તાજું જ આવેલું છાપું વાંચી ' બેકારી નિવારણ સમિતિ ' નો તેમાં છપાએલ હેવાલ આંખ તળે પસાર કરી રહ્યો હતો ત્યાં એક સારા પોશાક પહેરેલા અને સંસ્કારી દેખાતા ભરાવદાર યુવકે મારા ખંડમાં આવી મને નમસ્કાર કરી સામેની ખુરશી પર બેઠક લીધી. એના નમન ઝીલતાં મને એનો ચહેરો કંઈક જાણીતો લાગ્યો. મેં એને ક્યાંક જોએલ છે એમ મને લાગ્યું. ક્યાં ને ક્યારે તે હું સંભારવા લાગ્યો.

તે બોલ્યોઃ ' કાં સાહેબ, ઓળખાણ પડે છે કંઈ? એકત્રીસની મેટ્રીક પરીક્ષા વખતે—'

હાં, યાદ આવ્યું. એ તો પેલો વિદ્યાર્થી જેની ચોરી મેં પકડી હતી!

'મારે તમારી માફી માગવાની છે. તે પ્રસંગ વાસ્તે હું ખૂબ દિલગીર છું. સાહેબ એ વેળા ભારી ચડ્યા, નહિતર—'

'ના, ના, સાહેબ,' મને અટકાવી તે વચમાં બોલ્યો. 'તમારે એ બદલ જરાય દિલગીર થવાની શી જરૂર છે ? એ તો તમારી સ્પષ્ટ ફરજ હતી. હું તો તમારો આભાર માનવા આવ્યો છું.'

મને લાગ્યું કે એ મારી મશ્કરી કરી રહ્યો હતો. 'વાત એમ છે, સાહેબ, કે એ તો મેં ઇરાદાપૂર્વક જ કરેલું. કારણ—'

વજ્રપાતથી કે અંધારી રાતે કોઈ ભૂતપિશાચના દર્શનથી હું ન ભડક્ત તેટલો આ જુવાનના વાક્યથી ચમક્યો. 'ઇરાદાપૂર્વક !' આ યુવક મને પહેલાંનાં કરતાં વધુ વિલક્ષણ લાગતો જતો હતો.

'કારણ !' મેં પૂછ્યું.

'કારણ, મારે આગળ ભણવું નહોતું. યુનિવર્સિટીની ટીમો મારે નહોતી જોઈતી. મારા દૂરના એક કાકાનો દીકરો આજથી પંદરેક વરસ પર મેટ્રિક થયા બાદ આગળ ભણી મહિને દિવસે સો રૂપિયા કમાય છે એ જોઈ મારી ...નેય મનમાં મને ભણાવીને તેટલું કમાતો જોવાનો ખ્યાલ ... કરી ગયો. મારા બાપ કંઈ ધન જેવી પૂંજી મૂકી ...લ નહિ તેથી એ બિચારી પારકાં દળણાંપાણી કરી ...ક પૈસા એકઠા કરી મારી ફી ચોપડીઓ વગેરેનું ખર્ચ કાઢતી ને મને ભણાવતી.'

કાનની ભુટ્ટીઓ માટે જ છે એ, સમજ્યાને? લાવો અહીં, મારી આગળ.' એ અવાજે મને ભાન આવ્યું. પેલી ડોશીને ખોળી આ બધાય પૈસા તેના હાથમાં મૂકી દેવાની તે વખતે થઈ આવેલી મારી ઇચ્છા મારી ગૃહિણી દેવીના આ સ્વરે અનંતતામાં શમાવી દીધી.

તે જ દિવસનાં છાપામાં યુનિવર્સિટી તરફથી પરીક્ષાના હોલમાં ચોરી કરનાર જે વિદ્યાર્થીઓને શિક્ષા ફરમાવવામાં આવી હતી તેમાં પેલા વિદ્યાર્થીનું નામ પણ મેં વાંચ્યું.

૩

એ પ્રસંગ પાંચેક વર્ષ જેટલો જૂનો થઈ ગયો હતો. ખરું પૂછો તો હવે મને એની સ્મૃતિ કદી સતાવતી પણ નહોતી. સમયે પોતાનું કામ કર્યું હતું.

સવારમાં હું તાજું જ આવેલું છાપું વાંચી 'બેકારી નિવારણ સમિતિ' નો તેમાં છપાએલ હેવાલ આંખ તળે પસાર કરી રહ્યો હતો ત્યાં એક સારા પોશાક પહેરેલા અને સંસ્કારી દેખાતા ભરાવદાર યુવકે મારા ખંડમાં આવી મને નમસ્કાર કરી સામેની ખુરશી પર બેઠક લીધી. એના નમન ઝીલતાં મને એનો ચહેરો કંઈક જાણીતો લાગ્યો. મેં એને ક્યાંક જોએલ છે એમ મને લાગ્યું. ક્યાં ને ક્યારે તે હું સંભારવા લાગ્યો.

તે બોલ્યો: 'કાં સાહેબ, ઓળખાણ પડે છે કંઈ? એકત્રીસની મેટ્રીક પરીક્ષા વખતે—'

હાં, યાદ આવ્યું. એ તો પેલો વિદ્યાર્થી જેની ચોરી મેં પકડી હતી!

'મારે તમારી માફી માગવાની છે. તે પ્રસંગ વાસ્તે હું ખૂબ દીલગીર છું. સાહેબ એ વેગા આવી ચડ્યા, નહિતર—'

'ના, ના, સાહેબ,' મને અટકાવી તે વચમાં બોલ્યો. 'તમારે એ બદલ જરાય દીલગીર થવાની શી જરૂર છે? એ તો તમારી સ્પષ્ટ ફરજ હતી. હું તો તમારો આભાર માનવા આવ્યો છું.'

મને લાગ્યું કે એ મારી મશ્કરી કરી રહ્યો હતો. 'વાત એમ છે, સાહેબ, કે એ તો મેં ઇરાદાપૂર્વક જ કરેલું. કારણ—'

વજ્રપાતથી કે અંધારી રાતે કોઈ ભૂતપિશાચના દર્શનથી હું ન ભડકત તેટલો આ જુવાનના વાક્યથી ચમક્યો. 'ઇરાદાપૂર્વક!' આ યુવક મને પહેલાંનાં કરતાં વધુ વિલક્ષણ લાગતો જતો હતો.

'કારણ?' મેં પૂછ્યું.

'કારણ, મારે આગળ ભણવું નહોતું. યુનિવર્સિટીની ડીગ્રી મારે નહોતી જોઈતી. મારા દૂરના એક કાકાનો દીકરો આજથી પંદરેક વરસ પર મેટ્રિક થયા બાદ આગળ ભણી મહિને દિવસે સો રૂપિયા કમાય છે એ જોઈ મારી ...નેય મનમાં મને ભણાવીને તેટલું કમાતો જોવાનો ખ્યાલ ...ર કરી ગયો. મારા બાપ કંઈ [illegible] જેવી પૂંજી મૂકી ...ષ નહિ તેથી એ બિચારી પારકાં દળણાંપાણી કરી ...ઈ પૈસા એકઠા કરી મારી ફી ચોપડીઓ વગેરેનું ખર્ચ ...ી ને મને ભણાવતી.'

'તો પછી-'

'ના, જરા સાંભળો તો ખરા. મને સો રૂપિયા કમાતો જોવાની ને એ સુખ ભોગવવાની મારી માની બિચારીની અભિલાષા હતી. પણ મને તો સમજાઈ જ ગએલું કે જો હું મેટ્રિક થઈશ તો એ આગળ ભણાવવાનું પણ કહેશે જ, ને તેનો ખર્ચ પૂરો કરવા પેટે પાટા બાંધીને પણ મને ભણાવ્યા વિના રહેવાની નહિ. ને પછી બેકારી તો વધતી જ ચાલી છે તે હું ચાર વરસ ખેંચી બી. એ થઈને ય કરીશ શું, એ ખ્યાલ મને વધારે ને વધારે આવતો ગયો. એટલે કોઈ હિસાબે કામધંધો કરીને સ્વતંત્ર કમાણી કરતા થઈ મારી ડોશીનો ઢસરડો ને વૈતરું ઓછું કરવાને જ હું તો તલપાપડ થઈ રહ્યો હતો.'

'ખરું, પણ તેથી પરીક્ષામાં ઇરાદાપૂર્વક ચોરી કરવાનું શું કારણ?' મને તેની વાતમાં વધુ વધુ રસ પડતો હતો.

'કારણ એ કે પરીક્ષામાં બેસી હું નાપાસ થયો હોત તો તો મારી મા બધાં દુઃખ સહન કરી મને ફરી બેસાડત. પણ મારાથી એનો ઢસરડો નહોતો ખમાતો. પરીક્ષામાં ચોરી કરતો પકડાઉં તો ત્રણ વરસ સુધી મને ફરી એ કોલને ઉંબરે ચડવાનો અધિકાર ન રહે—મારી મા પણ મને પછી આગ્રહ ન કરી શકે!'

ચોરી પકડાતી વેળા આ જુવાન હસતો હતો તેનું રહસ્ય આજ મને સમજાયું: 'તેથી તમે હસતા હતા તે વખતે, ખરું?'

'હાસ્તો વળી,' ઉલ્લાસભર્યા ચહેરે તેણે જવાબ

આપ્યો. 'પહેલીની મારી કમાણી તો જયાં લાંબી કે એટલે તમને કોઈ ચેકા નિસ્તારથી કહીશ. ટૂંકમાં માત્ર એટલું જ કે ફેરી કરી, દુકાન માંડી, કૉન્ટ્રાક્ટ રાખી, મિલ કંપનીમાં ભાગીદાર બની અને એવા કંઈ કંઈ ધંધા કરી અત્યારે હવે બે પૈસા રળ્યા ખાઉં છું તે તમારે પ્રતાપે, હો સાહેબ. તમે જો મારી કહેવાતી ચોરી ન પકડી હોત તો મારી જિંદગીના ધૂળમાં મળત ને મારી માને પાંચ વર્ષ વધુ દળણાં કરવાં પડત. ને હું અહીંની આ બધી ધંધાદારી નિશાળોમાંથી કોઈકમાં દૈનિકના રૂપિયા લેખે અભિમાનથી પાંચનું વૈતરું કરતો ટીચાતો હોત કે કદાચ કોર્ટના ઓટલા ભાંગતો હોત. ખરેખર હું તમારો આભાર માનું છું.'

'પણ પરીક્ષામાં ચોરી કરનાર તરીકે તમારી બદનામી જાહેર રીતે છાપામાં થાય એવું શું ?' મારી જિજ્ઞાસા વધી જતી હતી.

તરત જ તેણે જવાબ આપ્યો: 'અરે સાહેબ, છાતી એવી આશા રાખું' તો તો મારી વૃદ્ધ માને જનમભર પારકાની વેઠ જ ક્યાં કરવાની રહે ને ! ને ખરું પૂછો તો મને જરા માન અપમાન તથા પ્રતિષ્ઠા કે બદનામીના ખ્યાલ સામે રમત કરવાનું મન જ થયું હતું. જોઈએ, એવી ખોટી બહારની બદનામી આપણને કેટલીક અંતરમાં ડંખે છે. એ પ્રયોગને ખાતર અનુભવવાનો શોખ પણ આ રીતે એમાં કારણરૂપ ખરો. અને અરે, હા, હું તમને ખરી વાત તો કહેવી ભૂલી જાઉં છું. મારે તમારી માફી પણ માગવાની છે.'

'માફી ! શાની ?'

'તો પછી–'

'ના, જરા સાંભળો તો ખરા. મને સો રૂપિયા કમાતો જોવાની ને એ સુખ ભોગવવાની મારી માની બિચારીની અભિલાષા હતી. પણ મને તો સમજાઈ જ ગએલું કે જો હું મેટ્રિક થઈશ તો એ આગળ ભણાવવાનું પણ કહેશે જ, ને તેનો ખર્ચ પૂરો કરવા પેટે પાટા બાંધીને પણ મને ભણાવ્યા વિના રહેવાની નહિ. ને પછી બેકારી તો વધતી જ ચાલી છે તે હું ચાર વરસ ખેંચી બી. એ થઈનેય કરીશ શું, એ ખ્યાલ મને વધારે ને વધારે આવતો ગયો. એટલે કોઈ હિસાબે કામધંધો કરીને સ્વતંત્ર કમાણી કરતા થઈ મારી ડોશીનો ઢસરડો ને વૈતરું ઓછું કરવાને જ હું તો તલપાપડ થઈ રહ્યો હતો.'

'ખરું, પણ તેથી પરીક્ષામાં ઇરાદાપૂર્વક ચોરી કરવાનું શું કારણ?' મને તેની વાતમાં વધુ વધુ રસ પડતો હતો.

'કારણ એ કે પરીક્ષામાં બેસી હું નાપાસ થયો હોત તો તો મારી મા બધાં દુઃખ સહન કરી મને ફરી બેસાડત. પણ મારાથી એનો ઢસરડો નહોતો ખમાતો. પરીક્ષામાં ચોરી કરતો પકડાઉં તો ત્રણ વરસ સુધી મને ફરી એ હોલને ઉંબરે ચડવાનો અધિકાર ન રહે—મારી મા પણ મને પછી આગ્રહ ન કરી શકે!'

ચોરી પકડાતી વેળા આ જુવાન હસતો હતો તેનું રહસ્ય આજ મને સમજાયું: 'તેથી તમે હસતા હતા તે વખતે, ખરું?'

'હાસ્તો વળી,' ઉલ્લાસભર્યા ચહેરે તેણે જવાબ

આપ્યો. 'પાછની મારી હકીકત તો જરા લાંબી છે એટલે તમને સહુ વેગા વિસ્તારથી કહીશ. ટૂંકમાં મારા એટલુંજ કે ફેરો કરી, દુકાન માંડી, કંત્રાટ રાખી, કોઈ કંપનીમાં ભાગીદાર બની અને એવા કંઈ કંઈ ધંધા કરી અત્યારે હવે બે પૈસા રળી ખાઉં છું તે તમારે પ્રતાપે, હો સાહેબ. તમે જો મારી કહેવાતી ચોરી ન પકડી હોત તો મારી યોજના મુજબમાં મગન ને મારી માને પાંચ વર્ષ વધુ ઢસરડો કરવો પડત. ને હું અહીંની આ બધી મૂંઝાદારી નિશાળોમાંથી કોઈકમાં હનૈયાના રૂપિયા લેખે અભિવારથી પાંચનું વેતરું કરતો ટીચાતો હોત કે કદાચ કોર્ટના બાંકડા ભાંગતો હોત. ખરેખર હું તમારો આભાર માનું છું.'

'પણ પરીક્ષામાં ચોરી કરનાર તરીકે તમારી બદનામી જાહેર રીતે છાપામાં થાય એનું શું?' મારી જિજ્ઞાસા વધતી જતી હતી.

તરત જ તેણે જવાબ આપ્યો: 'અરે સાહેબ, છાતી એવી આણી રાખું તો તો મારી વૃદ્ધ માને જનમભર પારકાની વેઠ જ કર્યા કરવાની રહે ને! ને ખરું પૂછો તો મને જરા માન અપમાન તથા પ્રતિષ્ઠા કે બદનામીના ખ્યાલ સામે જમત કરવાનું મન જ થયું હતું. જોઈએ, એવી ખોટી બહારની બદનામી આપણને કેટલીક અંતરમાં દુઃખે છે. એ પ્રયોગને ખાતર અનુભવવાનો શોખ પણ આ રીતે એમાં કારણભૂત ખરો. અને અરે, હા, હું તમને ખરી વાત તો કહેવી ભૂલી જાઉં છું. મારે તમારી માફી પણ માગવાની છે.'

'માફી? શાની?'

એક વર્ષના પરિણીત જીવન પછીથી શાલિનીનો પતિ મરી ગયો. તેમના પરિણીત જીવનના સંભારણારૂપ એકલી શુભા હતી. દિવસો દિવસનું કામ કર્યે જ જાય છે. પતિનાં મરણને સત્તર વર્ષ વીત્યાં. આરંભમાં શાલિનીને કાંઈ વિયોગ સાલ્યો હશે કે કેમ તેની કાંઈ માહિતી નથી; પરંતુ અત્યારની શાલિનીને નહિ લાગ્યો હોય. અને શુભા—તેની દીકરી તો હતી જ ને ? અને સાધનસંપત્તિનો કાંઈ અભાવ જેવું ન હતું કે જેથી કોઈ પુરુષનાં સંસ્મરણો તાજાં કરવાની જરૂર પડે. શાલિનીનો દેહ ગૌર અને માંસલ હતો. તેનાં ચાલીસ વર્ષ માત્ર ત્રીસેક જેટલાં લાગતાં અને તેનું ગૌરવ અને દમામદાર મુખ ભલભલાને આંજી નાખતું. તેમાંથી આકર્ષણનાં તાતાં તીર ઊડતાં છતાંય તેને પ્રાપ્ત કરવાની હિંમત કોઈ કરી શકતું નહિ. શાલિનીને પુરુષ-મિત્રોનો શોખ હતો. તેની ચાનો સ્વાદ ચાખવાનો લહાવો અનેક અગ્રગણ્ય શહેરીઓએ લીધો હતો. તેની સાથે વાતોનો પ્રસંગ મળવો એ દુર્લભ વાત હતી; છતાંય તે મળતાં કેટલાટ વકીલ અને ડોકટરો પોતાને ધન્ય માનતા.

શાલિનીની સબળ ઓથ નીચે શુભા ઊછરી હતી. ઓથ નીચે ઊછરેલાં બાળક નમ્ર અને કહ્યાગરાં હોય છે તેવી તે પણ હતી. શુભાની તનુ દેહલતા, તેનું નમણું સૌન્દર્ય અને બુદ્ધિનું તેજ ચંદ્રકલા જેમ વૃદ્ધિ પામવા લાગ્યાં. કોલેજમાં તે બુદ્ધિશાળી અને ઉત્તમ વિદ્યાર્થિની હતી. યૌવનની રેખાઓ તેના દિલ ઉપર સળગી રહી હતી. શાલિનીના સ્વતંત્ર વાતાવરણ અને પ્રબળ બુદ્ધિવાદ નીચે ઊછરેલી શુભા પુરુષ વિદ્યાર્થિઓ સાથે છૂટથી હરતી ફરતી.

અનેક વિદ્યાર્થિઓએ તેની સાથે વાર્તાલાપનો આસ્વાદ લીધો હતો. શાલિનીનું અભિમાની તેજ અન્ય પુરુષોને હદથી આગળ જતાં રોકતું હતું. શુભાના જીવન ઉપર પડેલા તેની માતાના અખંડ વ્યાપક ઓળામાંથી જન્મેલી આત્મપરાયણતા તેની સાથે અન્ય યુવકોને મર્યાદાથી આગળ જતાં અટકાવતી હતી.

શુભા યુવતી હતી. કોઈ નવા ભાવનો સંચાર તેના દિલમાં થતો હતો. પરંતુ તે ભાવ ઉપર માતાનો અખંડ વ્યાપક ઓળો શત્રુની માફક પડ્યો હતો. આમ તો કૉલેજમાં સામાન્ય વ્યવહારમાં અનેક સમવયસ્ક યુવકોના સમાગમમાં તે આવતી અને પેલો નવો ભાવ ઊછળતો; કોઈક વાર મુખમુદ્રા ઉપર તરવરી જતો; નેત્રમાંથી સરી જતો; વાચામાંથી નીકળી પડતો;—અને તરત જ માતાની શાસક મૂર્તિ તેના દિલ સમક્ષ ખડી થઈ જતી. બધુંય થીજી જતું; પોતાની માનસિક નબળાઈ માટે તે પોતાના આખાય દિલને પ્રચંડ પશ્ચાત્તાપની અગ્નિપરીક્ષામાં મૂકી દેતી. હૃદયગુહાના અંધારા ઊંડાણોમાં સિંહાસન માંડી બેઠેલી માતાના વરુણપાશો જરી પણ હૃદયને સરકી લે એવા ન હતા. શુભા, એ શાલિનીની અહંકાર-પ્રતિમા હતી. શુભા ઉપર કોઈ પણ પુરુષ માલિકી કરતો આવે તે શાલિનીના સર્જક માતૃહૃદયને અપમાનરૂપ લાગતું. શુભાના અંતરમાં તેના સર્વ લાગણીના આવેગો સમાઈ ગયા હતા. શુભા પણ તેની માતાની નજરે જોનારી બની હતી. શાલિનીના હાથમાંથી તે બની હતી; એટલું જ નહિ પણ તેનું આન્તર માનસ પણ શાલિનીએ ઘડ્યું હતું

સંસ્કાર અને પ્રકૃતિનું તુમુલ યુદ્ધ તેના હૃદયમાં આરંભાયું હતું તે શુભાને સમજતાં વાર લાગી નહિ. તેના સંસ્કારો તીવ્રતર બનવા લાગ્યા અને પ્રકૃતિને વશ કરવા ભગીરથ પ્રયત્નો કરવા લાગ્યા. કોઈકવાર પ્રકૃતિનું પ્રચંડ બળ સંસ્કારોને તોડી નાખતું. એવી સંસ્કાર પરાજયની વસમી પળ મધુકર સાથેની મૈત્રીમાં શુભાએ અનુભવી. મધુકરને માતાની સંમતિ મેળવી લાવવા કહ્યું; અને માતાની સંમતિ મળતાં જ પોતાની હૃદયમૂર્તિ બનાવવાનો તેને શુભાએ કોલ આપ્યો.

શાલિનીની સંમતિ મેળવવી, અને તેય શુભાને માતાની પાસેથી લઈ લેવા માટે સંમતિ મેળવવી એ જેવી તેવી વાત ન હતી. શાલિનીની વક્રોક્તિ ભલભલા જીરવી શકતા ન હતા તો આ મધુકર જેવો યુવક તે કોણ માત્ર? શાલિનીના બુદ્ધિતાપ અને તેની ખડ્ગધારા જેવી તીક્ષ્ણ વાણી આગળ મધુકર ટકી શક્યો નહિ. તે એટલો તો ભોંઠો પડી ગયો કે પોતાને લગભગ શુભા અને શાલિની સમક્ષ ઘડીભર તો હલકો માનવા લાગ્યો.

અને ચારેક માસ કેડે ખબર મળ્યા કે મધુકર વીણા નામની એક તેની ન્યાતના શ્રીમંતની સુંદર અને સરળ દીકરીને પરણી ગયો અને વધુ અભ્યાસ માટે વિલાયત પણ ગયો.

શુભાને આ સમાચાર મળ્યા. શુભાના પોતાના વ્યક્તિત્વને માટે આ આઘાત હતો. પોતાના વ્યક્તિત્વને છાઈ રહેલા માતાના વ્યક્તિત્વને હવે તે જુદી રીતે જોવા

રાખી. પ્રકૃતિએ દરેકને પોતીકું આગવું વ્યક્તિત્વ અને
કુદરતે દરેકને બક્ષેલું પોતાનું વ્યક્તિત્વ બને વ્યક્તિની
સાથે મળેલી નાખવી પ્રમાણમાં જુદા જુદી રીતનાં હોય,
આમણી-વિહીન બની જવાના ભાગી. તેની જીવનભર ઉપર
કોઈક બેના અને કોઈક કોઈવખતના અંકુશ દેખાવા લાગ્યા.
પુરુષ સ્ત્રીને તેમની દેરી કરવા માટે જ હવે તે બનાવી,
કારણ આજ સુધીમાં પણ તે ન દેખાતો. અને એ અત્યારની
હોવાપણું રાખવાની, પણ બંનેમાં તો અત્યાર સુધીની ફરજી
પડી હતી.

શાલિનીને પણ લાગવા માંડ્યું કે તેણી માટે હવે સ્વતંત્ર જીવનનિર્વાહનો પ્રબંધ કરવો જોઈએ. અત્યારની અગાઉ આ સમય દરમ્યાન જ થઈ ગઈ હતી અને તેના જીવનમાં તે એક ભી તેના નહિ આગળ આવી ગઈ હતી. યુનિવર્સિટીમાં તે સફળ નહિ પણ સુંદર હતી. અને તેની બુદ્ધિની તીવ્રતા, યોગ્યતા અને શક્તિનો પરિચય અનેક અગ્રગણ્ય મનુષ્યોને થઈ ગયો હતો. સ્ત્રીઓને નૂતન અને પ્રગતિશીલ આદર્શ પ્રમાણે ઘડવાની એક સંસ્થા તેના ઓજસ્વી નેતૃત્વ હેઠળ ચાલતી હતી. શાલિનીએ આ વખતે સુભાને એક સ્વતંત્ર સ્ત્રી તરીકે ઘડવાનો મનસૂબો કર્યો. શાથી કર્યો ! આ પ્રશ્ન જ અયોગ્ય છે; કારણ કે શાલિની તો સુભાને આદર્શ નૂતન સ્ત્રી તરીકે ઘડવા માગતી હતી અને પોતાની જ્યોતિ દીકરીને દાખલારૂપ બનાવી પોતાની સંસ્થાને વધારે પ્રબળ બનાવવા માગતી હતી.

પણ સુભાને પોતાને ત્યાં રાખવી એ તેને આકરું

લાગવા માંડ્યું. શુભામાં તે એવા અંશો જોવા લાગી કે તેને તે પોતાની પાસે જીરવી શકે એમ તેને લાગતું ન હતું. કોઈક જુદાં તત્ત્વોએ શુભાના દિલમાં સંચાર કર્યો છે, એમ તેને આછી પાતળી ઝાંખી થતી; પરંતુ તેની પ્રચંડ અહંવૃત્તિ હાર કબૂલે એમ હતું નહિ.

એક સાંજે મિ. વોલીસ નામે ટેલીફોન કંપનીના ડાયરેક્ટર શાલિનીને ત્યાં ચાને માટે આવવાના હતા. મિ. વોલીસને મ્યુનિસિપાલિટી સાથે કાંઈક કોન્ટ્રાક્ટ કરવાનો હતો. શાલિનીની શક્તિ અને બુદ્ધિનું મ્યુનિસિપાલિટીના સભ્યો અને પ્રમુખ આગળ કેટલું વજન હતું તેની મિ. વોલીસને ખબર હતી. તેથી તેણે શાલિની સાથે મુલાકાતનો આ પ્રસંગ ગોઠવ્યો હતો.

'ત્યારે તો તમારે મિ. બેટલી સાથે ઓળખાણ ખરું, એમને? અને તેઓ મેસર્સ બેટલી અને થોમસનની કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર છે એમ મેં તો સાંભળ્યું છે.' શાલિનીએ સમય જોઈને વાત મૂકી.

'મિ. બેટલીને અને મારે તો ઘર જેવો સંબંધ છે. મિ. બેટલીનું કોઈ કામ હોય તો જરૂર તે હું કરી શકીશ.'

'તો જુઓને, આ શુભા મારી દીકરી થાય. તમે તો એને ઓળખતા જ હશો. એને જરા ઑફિસ મૅનેજમૅન્ટનું જ્ઞાન આવે અને પોતે સ્વતંત્ર જીવન પણ ગાળી શકે એટલા માટે મારે કોઈ મોટી ઑફિસમાં મૂકવી છે. સુખર્ચ હોય તો ઠીક. અમારે ત્યાં તો શ્રી એટલે ગુજરાન

એ સૂત્ર બંધાઈ ગયું છે. આ બંધમાં મારે શુભાને ઉછેરવી નથી. સ્ત્રી એટલે વિશાળ અને વ્યાપક જીવન એ સૂત્ર મારે શુભાદ્વારા સિદ્ધ કરી બતાવવું છે. કેમ શુભા?' શાલિનીએ શુભા તરફ સૂચકદૃષ્ટિ ફેંકી.

શુભાનું વ્યક્તિત્વ, તેની માતાના વ્યક્તિત્વના નાગપાશમાંથી છૂટી પોતાને ઓળખવા તલસી રહ્યું હતું. આ સૂચનાથી શુભાને તો કોઈ અદૃશ્ય ભાર પોતાના દિલ ઉપરથી ઊતરતો હોય તેમ લાગ્યું તેણે એ સૂચનાને અંતઃકરણપૂર્વક વધાવી લીધી.

શાલિનીને પોતાની ધારણાનો વિજય લાગ્યો; પોતાના માતૃત્વનો આ સૂચનાના સ્વીકારમાં વિજય દેખાયો. તેની પ્રૌઢ અહંવૃત્તિ આ સિવાય બીજું જોવાને તૈયાર ન હતી.

'મિ. બેટલીને હું લખી દઈશ; અને શુભાબ્હેનને માટે ગોઠવણ થઈ જશે. શુભાબ્હેન જેવાં સંસ્કારી અને કેળવાયેલાં યુવતી માટે મિ. બેટલીને વાંધો હોય જ કેમ! અને આમ તો મિ. બેટલી તમને ઓળખે છે પણ ખરા!'

'આ ગોઠવણ થઈ જાય તો જરૂર તમારી આભારી થઈશ.'

મિ. વોલીસે પોતાના મુદ્દા રજૂ કર્યા અને શાલિનીએ તે સમજી લઈ સભ્યોની સામાન્ય સભા સમક્ષ બરાબર રીતે રજૂ કરવાને વચન પણ આપ્યું.



શુભા મેસર્સ. બેટલી અને થૉમસનની કંપનીમાં સેક્રેટરી તરીકે કામ કરતી હતી. મુંબઈમાં આવ્યે તેને

એકાદ વર્ષ થઈ પણ ગયું. શાલિની અવારનવાર તેને મળવા આવતી. ફોર્ટની પાસે સુધરેલા હિંદુ લત્તામાં એક સુંદર ફ્લેટ શુભાએ ભાડે લીધો હતો. આખો દિવસ તેના કામમાં જતો અને સાંજે તે ફરીને ઘેર આવતી. પોતાનો એક હેતુ સર્યો હોય તેમ શાલિનીને લાગતું હતું. શુભા સ્વતંત્ર રીતે, પુરુષ ઉપર આધાર રાખ્યા વિના, સારી રીતે જીવન ગુજારતી હતી. વળી પોતાના ઘડતરનો, પોતાના વ્યક્તિત્વનો મૂર્ત વિજય તે શુભામાં જોવા લાગી.

શુભાના દિલમાં કોઈ કોઈ વાર તાપ સળગી ઊઠતો. પણ પાછી તે કઠોરતાથી તે તાપની અવગણના કરતી. અને ઑફિસના કામની ઘરેડમાં પોતાના દિલને નીચોવી નાખતી. રજાના દિવસે તેના હાથ નીચેના કારકુનોમાંના કેટલાક તેને ત્યાં આવતા અને ચાપાણીની મિજલસ ઊડતી. પોતે વ્યવહારમાં પુરુષ કરતાંય ચઢી જાય છે તેમ આચાર અને વિચારમાં બતાવવા તે ચૂકતી નહિ. આ કારકુનો એક તો તેના હાથ નીચે હતા; એટલે ખુશામત કરે એ દેખીતું જ હતું. શુભાની તીવ્રતા પણ અસિધારા જેવી હતી તે પણ તે જાણતા હતા. આ કારકુનો પ્રત્યે તે મૈત્રી દાખવતી પરંતુ ઊંડે ઊંડે તો આ પુરુષજંતુઓ ઉપર તેને દયા આવતી. શુભાની આ પુરુષ-કારકુનો ઉપર દયાજન્ય કોમળતા નીતરતી. ને કારકુનોને તે કારણે જ શુભાને ઘેર અવારનવાર આવવાનું મન થતું.

આ પ્રમાણે દિવસો વહે જતા હતા. શાલિનીના પત્રોનો પ્રવાહ અને વિચારધારા શુભા ઉપર ચાલુ રહેતાં જ.

સુભાની સૌરભ, મુગ્ધ અને મોહક કાન્તિમાં અપવાદરૂપ, ગંભીર, પણ દબાઈ રહેલ બગાવતીઓની ભાત દેખાઈ આવતી હતી. પોતાના અસ્તિત્વને પોતે બગાવતખોરીએ રાખી રહે છે એમ તેના મનમાં કોઈ વાર થતું. પોતાની માતા શાકિની ઉપર તેને તિરસ્કાર આવતો. પોતાના ઉપર પણ તે ફરવાની. મુંબઈના તેના વસવાટ દરમ્યાન આ પ્રશ્નો તેનો ભાર પ્રેતભૂતની માફક ઓછરી જવા લાગ્યો. તેની માતા તેને એક જાદુગર જેવી દેખાઈ. તેને લાગવા માંડ્યું કે માતાએ અહંકારને પોષવાની એક પ્રતિમારૂપ તેને બનાવી છે. પરંતુ આ રૂપી તિરસ્કાર મનમાં જાગી મનને બાળતો અને તેની મુખમુદ્રા ઉપર અને દેહની મોહક અંગોપાંગો ઉપર પોતાની છાયા રેખા દોરી જતો. સુભાની મનોદશા અને બાહ્ય કાંતિ અત્યારે એ સ્થિતિએ પહોંચ્યાં હતાં કે તે કોઈ સરળ અને દુનિયાના બિનઅનુભવી યુવકને તો હારી જ દે. પચીસ વર્ષની યુવતીની આ મનોદશા અને આ કાંતિને ઓળખવા કોઈ પ્રૌઢ અનુભવી મનુષ્યની જરૂર હતી. અને એવો એક જણ સુભાને મળ્યો પણ ખરો.

મેસર્સ બેટલી થોમસનની કંપની ઇન્ટરનેશનલ એક્સપોર્ટ અને ઇમ્પોર્ટનું કામ કરતી. સુભાની હોશિયારી અને અનુભવ જોઈ આ ઝીણવટવાળું કામ તેને ખાસ સોંપવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય કાયદાની ગલીકૂંચીઓ, અનેક સ્ટીમરોને લગતા દસ્તાવેજો, ઈટાલિયન, ફ્રેંચ, જરમન જેવી અનેક ભાષામાં ચાલતા પત્રવ્યવહારો વગેરે અનેક બાબતોનો ઉકેલ સુભા કુનેહ અને હોશિયારીથી લાવી શકતી. ભાગમાં

કાયદેઆજ અને અનુભવી વેપારીઓને પણ તે સલાહ આપી શકે એવી આ વિષયોમાં તે પાવરધી હતી.

એક દિવસ પટાવાળાએ શુભાને વીઝીટીંગ-કાર્ડ આપ્યું. 'એસ. સેન્ડર. શૉ.—મોરીશિયસ' એ પ્રમાણે તે કાર્ડ ઉપર નામ હતું. આ પ્રખ્યાત વેપારીનું નામ તો શુભાને ક્યારનુંય જાણીતું હતું. કંપની મારફતે તેનો હિંદુસ્તાનનો એક્સપોર્ટ-ઇમ્પોર્ટનો વેપાર ચાલતો. શુભા આ પ્રખ્યાત વેપારીને જોવા અને તેની સાથે ઓળખાણ કરવા ઉત્સુક બની.

'તેમને અંદર આવવા દો.' શુભાએ પટાવાળાને હુકમ કર્યો. અને એકાદ મિનિટમાં મિ. શૉએ શુભાની ઑફિસ-ચેમ્બરમાં પ્રવેશ કર્યો. તેણે શુભા સાથે હસ્તધૂનન કર્યું અને સામે બેઠક લીધી.

'જુઓને મારી [illegible] ફર્મ તરફથી એમ. એમ. નૈરોબીમાં માલ આવવાનો છે. હજુ બીલ ઓફ લેડીંગ અને બીજા કાગળો આવ્યા નથી. મને ભય છે કે માલ ઉપર [illegible] ડેમરેજ થશે. [illegible] આ ડેમરેજમાંથી [illegible] રસ્તો કાઢી શકશો?' મિ. શૉએ [illegible] શુભાને પૂછ્યું.

'[illegible] છે કે તે બની શકશે. આપણી પાસે [illegible]; [illegible] [illegible] છે; [illegible] [illegible]' શુભાએ [illegible].

'[illegible] [illegible] [illegible] [illegible].

એકાદ બે માસ હિંદુસ્તાનમાં રહેવાનું કરો છો; અને તેમાં આ બીઝનેસની આડે ન આવી પડે તો જરૂર મળતા જાવ.' મિ. થોમે વેપારની વાતમાંથી અંગતમય વાત કરી.

'અમારી બોર્ડિંગની વાત તો તમે જાણો જ છો. અમારા કોઈ પણ કસ્ટમરને નિરાશ કરવાનું કારણ અમારા તરફથી તો બને જ નહિ.' શુભાએ પોતાની કંપનીની પ્રતિષ્ઠાને આગળ કરી.

'હા, તમે સેક્રેટરી છો એટલે આપને તો ખાતરી જ છે.' મિ. થોમે શુભાની તારીફ કરી.

મિ. થોની પ્રથમ મુલાકાત વીસેક મિનિટ ચાલી. પહેલા જ અઠવાડિયામાં શુભાની સેક્રેટરી તરીકેની કુશળતા જોઈ મિ. થોને માન ઉપજ્યું; અને માનમાંથી શુભા પ્રત્યે તેને આત્મીયતા લાગવા માંડી. મિ. થોને પોતાના પૂર્વજો યાદ આવવા લાગ્યા. પોતાની નસોમાં હિંદનું લોહી જાગૃત થતું લાગ્યું, જાણે પોતે એક આન્તરરાષ્ટ્રીય વ્યક્તિ મટી ખરેખરા જ ગુજરાતી બની જતા હોય તેમ તેમને લાગ્યું. અને મિ. થો માટે એ સ્વાભાવિક હતું. મિ. થોના દાદા, મોરાર શાહ સાહસિક વણિક હતા અને યુરોપીય પ્રજાની કંપનીઓના જમાનામાં કોઈ નામવર ફ્રેંચ વેપારીના સંબંધમાં આવેલા. આ પરદેશી વેપારીની હૂંફથી તેમણે પોતાનું વતન છોડ્યું અને મોરીશિયસમાં આવી અને શેરડીનો જંગી વેપાર તેમણે ખેડ્યો. તેમના દીકરાએ પેરિસની યુનિવર્સિટીમાં કેળવણી લીધી હતી અને યુરોપના અનેક દેશોમાં મુસાફરી કરી હતી. તેણે યુરોપ અને એશિયાનાં કેટલાંય શહેરોમાં

પેઢીએ નાખી એક્સપોર્ટ-ઇમ્પોર્ટનો વેપાર શરૂ કર્યો અને વધાર્યો. મોરાર શાહ જીવતા ત્યાં સુધી સુરત સાથે થોડો ઘણો સંબંધ રહ્યો અને મોરીશિયસમાં તેમણે ગૂજરાતી ભાષાને ઘરમાં જીવતી રાખી. તેમના દીકરાએ એક વેપારીની પુત્રી ક્રીઓલ કન્યા સાથે લગ્ન કર્યું. સુરત સાથેનો સંબંધ સ્મરણાવશેષ થઈ ગયો. તેના દીકરા શ્યામસુંદરના સમયમાં ગુજરાતી ભાષા ઘરમાંથી ગઈ. સુરતનો સંબંધ ઐતિહાસિક બની ગયો. શ્યામસુંદર ભ્રષ્ટ ગૂજરાતી બોલે એટલો જ ગૂજરાત સાથેનો તેનો સંબંધ રહ્યો. શુભ્રાના સંબંધમાં આવતાં તેના ગૂજરાતી સંસ્કારો જાગૃત થવા લાગ્યા. જેમ કોઈ ચળકતા તેજોરાશિ આગળથી રંગબેરંગી પડો ખરી પડે તેમ મોરીશિયસના અને પરદેશના સંસ્કારો ખરી જવા લાગ્યા; અને તેના દિલનો શુભ્ર તેજોરાશિ શુભ્રાના શુભ્ર તેજોરાશિને મળવા લાગ્યો. શ્યામસુંદર — એસ. સેન્ડર—નું વ્યક્તિગત આકર્ષણ, પ્રતિભા અને પ્રૌઢ અનુભવની અસર શુભ્રા ઉપર પણ થવા લાગી. શુભ્રાને અત્યાર સુધી જે જે યુવક મળતા તેમનામાં તેને લઘુત્વ લાગતું; પણ શ્યામસુંદર અનુભવે અને ઉંમરે પ્રૌઢ હતો એટલે તેનામાં તે ગુરુત્વ અનુભવવા લાગી. અને આ અનુભવની સાથે જ તેનું દિલ શ્યામસુંદર રૂપી સૂર્યનો ગ્રહ બનવા તલસવા લાગ્યું. તે વારંવાર એકબીજાને મળતાં; અને પરસ્પરનો તેમનો સંબંધ વધવા લાગ્યો.

શ્યામસુંદર તાજમહાલ હોટેલમાં ઊતર્યો હતો. એક દિવસ શુભ્રાને પોતાને ત્યાં તેણે આમંત્રણ આપ્યું. તેમનો

એક બીજાનો પ્રસંગ ઘણો વધી ગયો હતો. તેનો અંત લગ્નગ્રંથિમાં આવે એ સંભવિત હતું; પણ જેમ શુભાના વ્યક્તિત્વની આડે શાલિનીની પ્રતિમા આવતી હતી, તે પ્રમાણે શ્યામસુંદરના ઉદ્દામ વ્યક્તિત્વ આડે વ્યવહારવાદ આવતો હતો. શુભા તરફનો શ્યામસુંદરનો અડગ પ્રેમ હોવા છતાં, વ્યવહારમાં તે ઉપયોગી થઈ પડશે કે કેમ તે સવાલ તેના સમક્ષ ખડો થયો. પરંતુ આ પ્રશ્નનો તોડ, શુભાની આવડત, સેક્રેટરી તરીકેની લાયકાત—વગેરે શુભાના અનેક ગુણોના પોતે કરેલા નિરીક્ષણમાં શ્યામસુંદરને મળી ગયો. શુભાને પોતાની માતાની પ્રતિમા પોતાના પ્રેમપાત્રની આડે ઊભેલી દેખાવા લાગી. શુભા આ વિઘ્નરૂપ પ્રતિમાને તિરસ્કારતી પરંતુ તેની ઉપેક્ષા કરવા જેટલી તેની ગુંજાશ ન હતી. આજની તેમની વચ્ચેની વાતચીત ભવિતવ્યત નીકળી.

'તમે મારાં માતાની સંમતિ લઈ આવો તો આપણો માર્ગ સરળ થઈ જશે. તમે જાણતી શકો છો કે શુભાની લમની બાબતમાં સંપૂર્ણ સંમતિ છે.' શુભાએ જરાક સકા દિલથી શ્યામસુંદરને જણાવ્યું.

શ્યામસુંદરને આ કથન શુભાની નબળાઈરૂપ લાગ્યું; પણ શુભાને મેળવવાની આતુરતાને લીધે, શ્યામસુંદરના મનમાં, તેની આ નબળાઈએ મોટું સ્વરૂપ લીધું નહિ.

તેની માતાની સંમતિ મેળવવાનું તેણે વચન આપ્યું.

'તો હું તમારાં બાને મળવા જવાનો છું; અને જે બાબત વિષે હું તેમની સાથે વાત કરવાનો છું, તેમાં તમારી

સંમતિ છે એવો પત્ર લખશો તો આ વાતનો ઉકેલ જલદી થઇ જશે.' શ્યામસુંદરે સૂચન કર્યું.

'હા, કાગળ તો લખી દઈશ. મારા તરફથી કોઈ પ્રકારની ખામી નહિ રહે.' શુભાએ જણાવ્યું.



આજ શાલિનીનું ચિત્ત અત્યંત વ્યગ્ર હતું. સ્ત્રીમંડળની સામાન્ય સભાનો મોટો સમારંભ હતો. ત્યાં તેને ભાષણ આપવાનું હતું. તે અસ્વસ્થ તબિયતને બહાને તેણે બંધ રખાવ્યું. આખો દિવસ તે વ્યગ્ર હતી. પોતાના દિલનો પાયો તેને હચમચતો લાગ્યો; કાંઈક ખસી જતું લાગ્યું. જાણે શૂન્યતા વ્યાપવા લાગી. શુભાના કાગળોમાં પ્રેમનો-પુત્રીભાવનો-દંભ એને ઘણા વખતથી લાગતો હતો; પરંતુ પોતાનું અહંભાવી માતૃત્વ તે કબૂલવા ના પાડતું. આજનો પત્ર તેમની વચ્ચે સંપૂર્ણ ભેદ પાડી દેશે એમ શાલિનીને લાગવા માંડયું એટલું જ નહિ પણ તેની ખાતરી થવા લાગી. શાલિનીનું માતૃત્વ ઘવાયું અને ખસી ગયું. તેનું સ્ત્રીત્વ આગળ આવ્યું અને પ્રબળ બન્યું. શુભા તેની અહંકાર-પ્રતિમા તરીકે શાલિનીના દિલમાંથી દૂર થઈ. પોતાનું જ સર્જન તેને પોતાનું પ્રતિસ્પર્ધી લાગ્યું. જેટલો પરસ્પર રાગ હતો તેટલો જ પરસ્પર દ્વેષ વ્યાપ્યો. શાલિનીને પોતાનું વિધવા જીવન—પચીસ પચીસ વર્ષનું વિધવાજીવન-યાદ આવવા લાગ્યું. કાંઈક ઊણપ, કાંઈક અતૃપ્તિ તેના હૃદયમાં દાહ ઉત્પન્ન કરવા લાગી. જ્યાં સુધી તે શુભાને પોતાની માનતી હતી, ત્યાં સુધી તો શૂન્યતાનો

આભાસ સરખો પણ તેના હૃદયમાં ન હતો; ત્યાં સુધી તે ઓજસ્વી, ધીર અને પ્રગતિશીલ સ્ત્રી હતી; ત્યાં સુધી તે જગત-વિધાત્રી હતી; ત્યાં સુધી તેને પોતાના પતિનો અભાવ સાલતો ન હતો. જગતમાં વિજયી મનુષ્યને ઊંડે ઊંડે હૃદયમાં કોઈ આગ પાયો હોય છે—કદાચ સામાન્ય માનવીને તે તદ્દન મામૂલી લાગે. તે પાયો મનુષ્યને કાર્ય-શીલ, ધીર અને જુસ્સાદાર બનાવે છે. તે પાયો હૃદયમાંથી જતાં એ જ આગ માનવીમાં પરિવર્તન થાય છે; તાકાત, હિંમત અને પ્રબળ આશાવાદનું સ્થાન નિર્બળતા, વિહ્વળતા અને નિરાશા લે છે. શુભા પોતાની છે, આખું જગત જતી જાય છતાં શુભા પોતાની છે—એ માંચિએ, એ પાયાએ, શાલિનીના જીવનને જોમ અને દમામ આપ્યાં હતાં. એમાંથી, જાણ્યે અજાણ્યે તેને કાર્યપ્રેરણા અને બુદ્ધિતેજ મળતાં હતાં. અને આજે એ જ પાયો જતો રહ્યો. શાલિનીના દિલમાં શૂન્યતા વ્યાપી.

શ્યામસુંદરની મોટર આવી પહોંચી. શાલિનીના બગીચામાં ફૂલ મહેકતાં હતાં; પણ એ ફૂલનો મહેકાટ આજ તેને પ્રિય લાગતો ન હતો; તેના આજના અતિથિ સાથે વાત કરવાની તેને ઉત્સુકતા રહી ન હતી. આજ તો તે પોતાના સ્ત્રીત્વને અજમાવવાની હતી. માતૃત્વ ચાલ્યું ગયું હતું. આજ એક સ્ત્રી બીજીને મહાત કરવા જાણે તત્પર બની હોય એમ ભાસતું હતું.

'આપનું નામ શ્યામસુંદર ? શુભા તો આપનાં ખૂબ વખાણ કરતી હતી. પરમ દિવસે જ એનો કાગળ આવ્યો હતો.' સઘળી મોહકતા શાલિનીએ આજે પોતાની વાણીમાં ઉતારી.

એટલામાં ચા–નાસ્તો આવ્યાં. શાલિનીએ પોતાની જાળ ગૂંથવાની યોજના ઘડી રાખી હતી. શ્યામસુંદરને પકડી લેવાના નિશ્ચયથી શાલિનીએ એટલી તો મોહકતા અને દક્ષતાથી મહેમાનગીરી કરવા માંડી, કે મહેમાન પોતાની તો વાત જ ભૂલી ગયો.

'તમારાથી તે વળી હોટેલમાં ઊતરાતું હશે ? અહીં જ રહેવું પડશે. નોકરને મોકલી તમારો સામાન મંગાવી લઉં છું.' શાલિનીએ સીધો જ નોકરને શ્યામસુંદરનો સામાન લઈ આવવાનો હુકમ આપી દીધો.

શાલિનીના રૂપમાં આજ મનોભવ સાક્ષાત્ વસ્યો હતો. એનો ઊંચો, ભરાવદાર, ગૌર દેહ જુદી જ ફોરમ ઉરાડી રહ્યો હતો. તેના દેહમાં આજ કોઈ અજબ સૌન્દર્યે વર્ચસ્વ જમાવ્યું હતું. શાલિની સ્ત્રી સ્વરૂપે વિરાજતી હતી. માતૃત્વનાં ગાંભીર્ય અને સંયમે દેશવટો લીધો હતો. તેની કમાનદાર ભમ્મર નીચે ઓપતાં લોચનમાં કોઈ અપૂર્વ ભાવે સંચાર કર્યો હતો. શિથિલ ગ્રંથિમાં બંધાયેલા તેના શ્યામ કેશકલાપમાંથી તરી આવતી તેની મોહક મુખમુદ્રા શ્યામસુંદરના દિલમાં દિવ્ય સ્વપ્નસૃષ્ટિ સર્જાવી રહી હતી. તેનું પાતળું ગૌરવશીલ નાક, તેનાં ભરેલા હોઠ મોહકતા વેરી રહ્યાં હતાં. તેની મુખમાંથી સરતી વાણી જાણે પુરુષ ઉપર મધુર જિત મેળવવા સર્જાઈ હતી. તેની મધુર વાણીમાં જાણે અમૃત વસ્યું હતું. એટલી સરળ, એટલી મધુર, એટલી મોહક, એટલી તો સ્વાભાવિક તેની વાણી હતી કે

તેના ખળખળતા, નાચતા ઝરણુના પ્રવાહમાં કોઈ પણ માનવીનું દિલ તણાઈ જાય.

'મેં તો, જુઓને, શુભાનો જન્મ પણ થયેલો નહિ ત્યારે સ્વીટ્ઝરલૅંડમાં પ્રવાસ કરેલો. શું પ્રકૃતિનું સૌન્દર્ય! શાંત સરોવરને કાંઠે દૂર દૂર ગિરિમાલાના એકાંતમાં ઝાડની ઘટા નીચે બેસવું—ત્યાંનો એ આનંદ અવર્ણનીય છે.' શાલિનીએ મોહક બાનીમાં કહ્યું.

અંધારી રાત્રિ હતી; પરંતુ જાણે તમાલની નીલ ઘટામાંથી દીપક ટમકતા હોય તેમ સ્વચ્છ ભૂરા આકાશમાંથી તારાઓ ટમકી રહ્યા હતા. સઘળે અદ્‌ભુત શાંતિ વ્યાપી હતી. આખા વાતાવરણે શ્યામસુન્દરને મુગ્ધ કરી દીધો હતો. અને શાલિની—તેની સુંદરતા અજબ હતી.

'હા, હું એક વાર સ્વીટ્ઝરલૅંડ ગએલો—અને મારી સાથેના બોમ્બિષાએ મને જોવા લાયક સ્થળો બતાવ્યાં હતાં. બાકી ધંધાની ચિંતામાં કાંઈ મજા બની શકતું નથી. બધું જોવાનું અને ભોગવવાનું મન હોય તો પણ શું થાય!' શ્યામસુંદરે પોતાની અપૂર્ણતા માટે કારણ રજૂ કર્યું.

'વહીવટી કામ તો હું પણ તે વખતે કરતી હતી. અમારી પેઢીને માટે એજન્સીનો કૉન્ટ્રાક્ટ કરવા અને માલની ખરીદી કરવા અમારે યુરોપ જવાનું થયેલું: અને હું એ બધી બાબતો ઉપર જાતે ધ્યાન આપતી હતી... પણ હું તો માનું છું કે જગતના વ્યવહારની જંજાળમાં અમુક વખત કાર્ય કરી, પ્રાકૃતિક જીવનમાં ડૂબકી મારી નવું જોમ પ્રાપ્ત કરવાથી જ જીવન ઘરેડ રૂપ થતું અટકે છે.'

ઠીક છે.' શાલિનીએ પોતાના વિચારને તીવ્રતર બનાવ્યો.

'ભલે આપણે લગ્ન ન કરીએ છતાંય જીવનભરના સાથીદાર રહીએ તો મારું ક્ષુદ્ર જીવન સાર્થક બને. જીવનની શૂન્યતા તરફ શુભાએ મારું લક્ષ દોર્યું; પણ હવે તો મને લાગે છે કે તેને જીવનસાથી બનાવી છેવટે વિષાદમાં જીવન અંધકારમય કરવું એ ઠીક નથી જ.' સ્યામસુંદરે પોતાની અભિલાષા વ્યક્ત કરી.

'મારો પણ એ જ વિચાર છે. મારે એની માતા તરીકે તેના માનસને શા માટે કચરવું? એણે પણ મારી દીકરી મટી શા માટે સ્વતંત્ર સ્ત્રી ન બનવું? બરાબર છે, તમારે અને મારે તેના જીવનમાંથી ખસી જવું. અને તે તો આપણે બન્ને આપણું ભાવિ એક તાંતણે જોડીએ ત્યારે જ બને ને?' શાલિનીએ માનસિક ગૂંચવણને તાત્ત્વિક હેત્વાભાસથી પોતાની બુદ્ધિને સમજાવી દેવા પ્રયત્ન કર્યો.

ખરેખર એ તાત્ત્વિક હેત્વાભાસ જ હતો. દીકરીનું સ્થાન શાલિનીના દિલમાંથી ખસી ગયું હતું. પોતાની અહંકાર પ્રતિમા શાલિનીના દિલમાંથી ખસી ગઈ હતી. તો પછી એ શૂન્યતાના પારાવાર હૃદયદાહમાં આખાય જીવનને ઘસી શા માટે નાખવું? શા માટે સ્યામસુંદરને જ ખાલી સ્થાને બેસાડી એ શૂન્યતા ન ટાળવી? શુભા પાસે આખું જીવન પડ્યું છે અને તેના શૂન્ય જીવનનો ઉકેલ તેને કરવાનો છે. છેવટનો પ્રશ્ન તો વ્યક્તિનો છે. માનવી ભલે સમાજપ્રિય પ્રાણી દેખાય; પણ ઊંડે ઊંડે અને છેવટના પાટલે તો વ્યક્તિગત સલામતી શોધનારું જ પ્રાણી

છે. સમાજની માયા જતાં, એની ધમાલની માયા જતાં, કોઈ વિચિત્ર, સદસ્વરૂપ ચિત્તવૃત્તિથી અસમતોલ બનેલું તે પ્રાણી છે. આથી જ માનવી એકાંતથી ભય પામે છે. તેની અંતરગુહાની જ્વાળાઓ ઉપર લીલાં તરણાં પાથરી લીલોતરી બતાવવા તે યત્ન કરે છે એટલું જ; તેની અંતરજ્વાળાઓના શમનનો તેને ઇલાજ જડતો નથી. એ તો કોઈ વિરલાને જ જડે છે. મેઘધનુષના સાત રંગો પાછળ રહેલું શુભ ઉજ્જ્વલ કિરણ કોઈક જ જુએ છે અને તેને પકડે છે. બાકી તો અનેક ચિત્તવૃત્તિઓના રંગોમાં જ માનવી રાચે છે અને તેમાં જ મરે છે. તે ચિત્તવૃત્તિઓના શાસક જ્યોતિને પકડે તો તો જીવનનો ઉકેલ જડે. પરંતુ એ ચકરી લાવે એવી ઊંચાઈએ કોણ પહોંચી શકે?

શાલિનીનું જીવન ભૌતિકતા અને સ્થૂલ જગતના પાયા ઉપર જ રચાયું હતું. તેનું વિચારતત્ત્વ અહંકારને વટાવી આગળ ગયું ન હતું. તે શ્યામસુંદર સાથે ભાગી નીકળી.



સાંજે શુભા ઑફિસમાંથી ઘેર આવી. એ જ ઘરેડ અને એ જ જીવનની શુષ્કતા. એ જ ઘેલો પનોતો સ્વાર્થમાં મગ્ન—તેની માતાએ બનાવેલો તે જ. એક કાગળ કવરમાંનો છાપેલો તેના બારણામાં પડ્યો હતો. તેણે તે ઉપાડ્યો. તેની માતા શાલિનીનો તે પત્ર હતો:

'શુભા,

'તને કહેવાનો મને હક નથી; કદાચ હોય તો પણ

હું ન સ્વીકારે. શ્યામસુન્દરે અને મેં તારા સ્વાતન્ત્ર્ય-માર્ગમાંથી ખસી જવાનો નિશ્ચય કર્યો છે. માતાના અહંકારમાં મેં તારા મનમાં ભ્રમણા રચી હતી. તેં તે ભ્રમણાને સત્ય માની: હું પણ તે ભ્રમણાને સત્ય માનતી હતી. પણ તે અસત્ય સિદ્ધાન્તોનો કે સાચા સ્વાતન્ત્ર્યનો પાયો ન હતો. આ ભ્રમણા ખસી જતાં મારામાં શૂન્યતા વ્યાપી એનું ભાન મને પહેલું થયું હું સ્ત્રી હતી તેનું જ ભાન મારામાં અવશેષ રહ્યું. મેં શ્યામસુંદરને એ શૂન્યતા ભરી દેવા પ્રથમ પકડી લીધો તેં ધાર્યું હોત તો મને એક બાજુએ રાખી શ્યામસુંદરને તારો કરી શકત. પણ તેં મારી વાતો, મારું દૃષ્ટિબિન્દુ સત્ય તરીકે સ્વીકાર્યાં અને એ માયા-ભ્રમણામાં તેં તારા મનને રૂંધી નાખ્યું. હું જાણું છું કે તેમાં મારો પણ ગુનો હતો. તે હું સ્વીકારું છું. તારા જીવનને હજુય અવકાશ છે. મેં હવે તને મોકળાશ કરી આપી છે.

'શ્યામસુંદર સાથે તો તું આધિજિત્ય કરી પરણવા માગતી હતી. એની અને તારી ઉંમરની મજાનાવસ્થા છે જ નહિ. મેં એ આધિજિત્યમાંથી તને બચાવી છે એમ જ માનજે!

'તારા બાપની મિલકત સંબંધે સોલિસિટર સાથે ગોઠવણ કરી રાખી છે એટલે એ સઘળુંય તારું છે. મેં પાઈ પણ નથી લીધી. પહેર્યે લૂગડે જ નીકળી ગઈ છું. શ્યામસુંદર સાથે ચાલી નીકળું એટલે મારો તેના ઉપર બિલકુલ હક રહેતો જ નથી.

શાલિની'

'તા. ક. કલકત્તાથી આજરોજ જપાન થઈ અમેરિકા જવાનો વિચાર છે. માર્સેલ્સ પહેલું જવાનું હતું. પણ પાછળથી ખબર આવતાં તે વિચાર બદલાયો છે. શ્યામસુંદર કરે તે ખરું.'

શુભા તો નિરાશાથી ડઘાઈ ગઈ.

'આ તે મા? અરેરે, શરમ સરખીય ન આવી?' તે બબડવા લાગી. તે આરામખુરશી ઉપર પડી અને તેનો ડાબો હાથ નિરાશામાં કપાળ ઉપર પડ્યો. રાતના બાર વાગતા સુધી આમ ને આમ પડી રહી.

બહાર નગ્ન આકાશમાં તારા તરવરતા હતા. તે અગાસીમાં આવી.

'હા, આપણું માનસ જાળાંવાળું ન હોવું જોઈએ; આ નગ્ન આકાશ જેવું સ્વચ્છ હોવું જોઈએ અને વિચાર-તારકો તેમાં સ્પષ્ટ અને ઉજ્જ્વલ રીતે પ્રકાશવા જોઈએ.' ...વળી પાછું તેનું માનસ આશામાંથી નિરાશામાં સરી ગયું. 'ત્યારે હવે તે મારી મા મને ખરી સ્વતંત્રતા શીખવે છે! શરમ વિનાની બની, નિર્લજ્જ બની!' તેનું નિરાશાભર્યું હાસ્ય તારાઓ જોવા લાગ્યા; કારણ કે તે જ તેના મિત્રો હતા. જગત શૂન્ય હતું; તેના માનવી નિર્ઘૃણ હતા, સ્વાર્થી હતા, અંતરે પશુ કરતાંય ભૂંડા હતા.

બીજે જ દિવસે તેણે નોકરી છોડી દીધી અને તે ચાલી નીકળી—હૃદયશૂન્ય, એકલી, અટૂલી—વિશ્વના અંધકારમાં તારાઓ શોધવા.

ઓલાદ

[મનુભાઈ જોધાણી]

'ધ્રુબાંગ...ધ્રુબાંગ......' ગામના ઝાંપે ઢેઢવાડામાંથી ઘૂંમિયો થયો ને રામસંગના કાન ચમક્યાઃ 'ધાડું !' એનાથી બોલાઈ ગયું. એના શરીરનાં રૂવાં ખડાં થયાં. એણે છલંગ મારીને ખીતીએ ભરાવેલ તલવાર ઉપાડી.

'બેટા !...' મા આડી ફરી. 'એવી હડમત કર માં; તને કાંઈ થાય તો મારું કોણ !' એની આંખો સજળ બની.

રામસંગની આંખ લાલ બની. 'મા, આ તું શું બોલે છે ! રજપૂતનો દીકરો આવે વખતે ઘરમાં બેસી રહે, ને લૂંટારા ગામમાં પેસી ગામની બેન-દીકરી ઉપર હાથ નાખે, એના કરતાં મોત શું ખોટું !' એણે દાંત પીસ્યા. 'મા, રજપૂતના દીકરા તો ઝાટકે જ મરે.'

મા ગળગળી થઈ ગઈ. એનાથી સહસા બોલાઈ ગયું: 'બેટા...મારા ઘડપણ સામે તો જો !'

રામસંગ મા સામે તાકી રહ્યો. એ રજપૂતનો દીકરો હતો. એની નસોમાં સંસ્કાર અને વાતાવરણથી શૌર્યભર્યું ખમીર વહેતું હતું. એની મૂછોના આંકડા અણનમ રહેતા. આ પ્રસંગે એ ઘરમાં બેસી રહે તો એના આંકડાની લોકો મશ્કરી કરે એ વિચારથી એ કંપી ઊઠયો. અદાની મૂર્તિ એને પડકારતી દેખાઈ. ને એના શરીરમાં આછી ઝણઝણાટી આવી ગઈ. વાડ ઉપર થઈને દૂરથી ડમરી ઊડતી દેખાઈ અને સામે આવતા બહારવટિયા જોતાં એ કૂદ્યો. સામેની વાડ ઠેકી એ બારોબાર પાદર પહોંચ્યો ને એકલે હાથે પોતાના શૌર્ય અને બાહુબળ ઉપર મદાર બાંધી એણે આવતા પાળ સામે આગળ ડગ ભર્યાં.

ગામને પાદરે બાર બાર હથિયારબંધ માણસો સામે એકલે હાથે એણે ટક્કર ઝીલી. હોંસાતોંસી થતાં પહેલે ઝપાટે એણે એકને પાડયો. અને એનું આખું અંગ લોહીથી છંટાઈ ગયું. હોળી ખેલતા ઘેરૈયા પેઠે એણે ચોમેર ઘૂમવા માંડયું. બાર બાર માણસો સામે એ ઝઝૂમતો હતો ને એ જ્યાં કૂદે ત્યાં એને વીંટળાઈ વળેલા માણસો મોટે કુંડાળે ખસી જતા. અંગ ઉપર ઘા ઝીલતો ને સામાને એક ઝાટકે પાડી દેતો રામસંગ શૌર્યના કેફમાં દેહનું ભાન ભૂલ્યો હતો. એનું આખું શરીર ઉઝરડાઈ ગયું હતું. એને ધરતી ફરતી લાગી. એટલામાં ગામમાં હાકલા થયા. અને માણસોનું જૂથ દોડી આવતું હોય એમ લાગ્યું. ઝાંપે લાકડીઓ ને તલવારો ઊછળી ને દેકારો થયો. ઊછળતા પૂર સામે ટકી શકાશે નહિ એવું સમજાતાં બહા-

રવટિયા ભાગ્યા. નાસતા દુશ્મનો પાછળ ગામ લોકો વધારે વેગથી ધસ્યા. 'મારો ! મારો !'ની બૂમો પાડી દોડાદોડી કરતા લોકો વચ્ચે રામસંગ બારોટે થઈ ઢળી પડ્યો. બ્હાર વટિયા જીવ બચાવતા ને પાછળ ગામજનો મારવા પોતાના ઝનૂનમાં રોકના હોવાથી રામસંગની સંભાળ લેવાનું કોઈને ભાન રહ્યું નહિ.

ઝાંપાની પાસે જ એક રજપૂતનું ઘર હતું. તેની અઢારેક વર્ષની એકની એક દીકરી કેસર ઓસરીની કોરે થાંભલી ઝાલી ઊભી હતી. તેણે રામસંગને પડેલો જોયો. એ વાકનું ઘીંડુ ખસેડી દોડી ને રામસંગનું માથું પોતાના ખોળામાં લઈ ચૂંદડીના ઉડા વડે પવન નાખવા લાગી.

રામસંગે આંખ ઉઘાડી. કોઈ અપ્સરા એને પંપાળતી હોય એમ એને લાગ્યું. એ આંખ મીંચી ગયો.

સંધ્યાએ પણ ભાગતા બહારવટિયા પેઠે નાસવા માંડ્યું.

[૨]

રામસંગનો બાપ કેસરીસંગ ગામનો ગરીબ રજપૂત હતો. નાનપણથી માના હાથનળે ઊછર્યો હતો. એથી એના લાડકોડથી એનું બાળપણ ભરાઈ રહ્યું હતું. એ માવડિયો થઈ ગયો હતો. ગામના જુવાનો એની મશ્કરી કરતા અને એ આવે ત્યારે લડાઈની વાતો કરી તેઓ એને શરમિંદો કરી મૂકતા.

એના દાદા વૃદ્ધ હતા. આખા કુળના એ પ્રતિષ્ઠિત અને આગેવાન મોવડી હતા. ગામના જુવાનોની પ્રેરણા-

મૂર્તિ હતા. એમના શૌર્ય અને મર્દાનગીભર્યાં સંસ્મરણો સંભારી ગામના યુવાનોને પાનો ચડતો ને ભલભલા માણસો એમની હિંમતના મોફાટ વખાણ કરતા.

ડોસો કેસરીસંગને જોઈને બળી જતો. એ રોજ એને પાસે બેસાડી પાનો ચઢાવે; પણ ચીંથરાના ઢીંગલા જેવા કેસરીસંગમાં પાણી આવતું નહિ. એ નીચું જોઈ સાંભળી રહેતો ત્યારે અદા ઘણીવાર આંખમાં આવેલાં આંસુ મોં ફેરવી લૂછી નાખતાં. એમનું હૃદય ચણચણાટ બળ્યા કરતું. 'કુળમાં અંગારો પાક્યો' એવું એ ઘણી વાર ગણગણતા.

પણ કેસરીસંગની મા મરી જતાં અદાના આશ્રયે એને આવવું પડ્યું; એટલે અદાએ એની હિંમત કેળવવા માંડી. અંધારી રાતે વાડીએ વાસુ મોકલે, મેઘલી રાતે વહેલી પરોઢે ખેતરમાં આંટો મારવા મોકલે ને છેવટે એક વખત સામે ગામ ખૂંગિયો થયો ત્યારે બીજા જુવાનો સાથે એને ત્યાં પણ મોકલ્યો.

કેસરીસંગને ખૂંગિયો સાંભળી કંપ વછૂટયો. સામે તૈયાર થઈને ઊભેલા યુવાનો જોઈ એને કમકમાટી આવી ગઈ, પણ અદાની ધાકે એ કાંઈ બોલી શક્યો નહિ, અને જાણે ધક્કેલાઈ જતો હોય તેમ સહુ સાથે ચાલ્યો. પણ એ સહુની પાછળ ચાલતો. એના પગમાં લોટ ઊડતો. એના શરીરે પસીનો છૂટતો. છતાં અંધારી રાતે કોઈ એ જોઈ શક્યું નહિ. કેટલાક યુવાનોએ ટકોર પણ કરી કે 'આજે કેસરીસંગ નામ રાખવાનો.'

એને પાછા નાસી જવાનું મન થઈ આવ્યું. પણ અદાની માફે એ દસરકાતો સહુની પાછળ પાછળ ચાલ્યો.

માણસોની ચીસો ને ખોદાકા, અંધારામાં આમતેમ દોડતી મશાલો અને ધીંગાણાના ખાસકા સાંભળી એ રેબ-ઝેબ થઈ ગયો. સાથેના જુવાનોમાં શૌર્ય ઊભરાયું. એમણે હડી કાઢીને આગળ ધપ્યા, ત્યારે કેસરીસંગ એક વાડની ઓથે પડીસર લપાઈને બેસી ગયો.

બીજે દિવસે અદાને ખબર પડી કે કેસરીસંગે તો નામ બોળ્યું. અદાના ક્રોધનો પાર રહ્યો નહિ. આ વખતે કેસરીસંગ નજરે પડે તો ઝાટકે દીધા વગર રહે નહિ એવું સહુને લાગેલું એટલે કેસરીસંગે અદાની ધાકથી ફફડીને તેમની ડેલીએ જવાનું પણ બંધ કર્યું.

એટલામાં એને એક નવું પરાક્રમ સૂઝ્યું. અચાનક એને એક ભાગેડુ બીનો સીમમાં રઝળતો સંગાથ થયો. એને આશ્રય આપી ઘરમાં બેસાડી, ત્યારે અદા ખિજાઈ ઊઠયા. ધોળી દાઢી પસવારતા એ વૃદ્ધે જિંદગીમાં કેસરીસંગની ઓસરીમાં પગ મૂક્યો.

'બાપ કેસરી!' કહેતાં ડોસાએ ચાકળા ઉપર પડતું મૂક્યું. એમનું વૃદ્ધ અને શિથિલ શરીર દુઃખથી નંખાઈ ગયું હોય તેમ દેખાયું.

અદાને જોઈ શરમિંદા બનેલા કેસરીસંગે અંગૂઠાવડે જમીન ખોતરવા માંડી.

'રજપૂતાણીનો કાળ પડ્યો નથી. આ તેં શું કર્યું?' અદાના સ્વરમાં ધ્રુજારો હતો.

'અદા! એય રજપૂતાણીની દીકરી છે.' કેસરીસંગે મહામહેનતે મરજાદ મૂકી કહ્યું.

'પણ એનો બાપ?'

જાણે ડોસો ગાળ દેતો હોય એમ ઘરના બારણા પાછળ ઊભેલી રજપૂતાણીને લાગ્યું. એ ડોસાને કાંઈ સંભળાવે એટલામાં કેસરીસંગે ધીમેથી જવાબ વાળ્યો. 'કાકા, રતન તો ઉકરડેથી પણ લવાય.'

'બેટા, એની હું ક્યાં ના કહું છું. પણ એક તો તું બીકણ છું એટલે કોઈ શુદ્ધ રજપૂતાણી હોત તો તને પાનો ચઢાવત. આતો બેય સરખાં!' ડોસે ડામ દેવા માંડ્યા.

બન્ને ધખ્ખી ઊઠ્યાં. વળ દીધેલી છીંદરી જેવો બન્નેને આમળો લાગ્યો.

ડોસે આગળ ચલાવ્યું: 'બેટા! રજપૂતાણીને પેટ તો સાવઝ પાકે. ઓલાદનો વિચાર પણ કરવો જોઈએ ને?' કહી એણે મીટ માંડી, ને તેજના ફૂટતા અંગારથી દાઝતો હોય એમ કેસરીસંગ આડું જોઈ ગયો.

'બેટા! કાલે માણભટ્ટ કથા વાંચતો હતો. તેણે કહ્યું કે—જેના માબાપમાં એબ હોય તેનાં છોકરાં એબતાળાં થાય.' ડોસાએ કંપ અનુભવ્યો. કુળનો ગર્વ અને ગૌરવ કેસરીસંગના હાથે હિણાતાં એને લાગ્યાં.

'કાકા, હવે એને કાઢી મૂકું તો મારી આબરુ જાય.'

'અત્યારે તું આવી વાતમાં આબરૂની ખેવના કરે છે ! આ તો વાણિયાવેડા શીખ્યો. રજપૂતની આબરુ તો ખીમાણે. આવી આબરુ તું સાચવીશ તો તારાં ફરજંદ એ આબરૂનાં લિલામ કરશે.' ડોસા ક્ષત્રિયવાણી જેવાં અનુભવબોલ બોલ્યા. એમની સફેદ દાઢીના વાળ ક્રોધથી ઊભા થઈ ગયા. લાલવર્ણા ચહેરા ઉપર ચિંતાની કરચલીઓ દેખાણી. ક્ષાત્રલોહીના ઉશ્કેરાટે ડોસાથી તલવાર ઉપર હાથ નંખાઈ ગયો.

પણ કેસરીસંગ જવાબ આપ્યા વગર બહાર ચાલ્યો ગયો. રજપૂતાણીએ ઓરડાની સાંકળ અંદરથી બંધ કરી.

'ઓ ભગવાન ! કુળની લાજ તારે હાથ છે !' કહી ડોસાએ નિસાસો નાખ્યો ને ભાંગેલ પગે થાકથી ઢસરાતાં એ ડેલીએ આવ્યા.

[૩]

બારેક વર્ષનાં વહાણાં વહી ગયાં. રજપૂતાણીને ડોસાએ દીધેલી આણ સાલતી હતી. બે વર્ષનો નાનકડો રામસંગ એની કુખ દિપાવે ને ડોસાનાં વેણ એના મોમાં વ્યાજ સાથે પાછાં વાળે એવી એની અભિલાષા હતી.

એવામાં ગામમાં ધાડ પડી. રજપૂતાણીના ખમીર કરતાં ડોસાએ કહેલાં વેણ એને કેસરીસંગને ઉશ્કેરવા પ્રેરતાં. એણે બૂંગિયો સાંભળ્યો ને કેસરીસંગને હાથ ઝાલી ઊભો કર્યો. અને હાથમાં તલવાર આપીને ધકેલ્યો. પોચા હૃદય-

વાળો કેસરીસંગ અણુગમતા દિલે ગયો તો ખરો પણ પાછાં ભાગતાં ગામના જ એક જુવાનને હાથે કામ આવી ગયો.

ડોસાએ હવે રામસંગનું કાંડું પકડ્યું. બાર બાર વર્ષની દેખરેખ પછી, અદાના હાથ નીચે તાલીમ લીધા પછી, એની હિંમત અને શૂરવીરતા ઊભરાઈ ચાલી. લોકો એનાં વખાણ કરતા ને કહેતા કે 'શેરે કેળું' એ આનું નામ.

પણ અદાના દિલમાં ઝીણો ઝીણો વસવસો રહ્યા કરતો. જ્યારે એ રામસંગની હિંમત અને શૌર્યનાં વખાણ સાંભળતા ત્યારે ઘડીભર ગર્વ અને ગૌરવથી એમની છાતી ફુલાતી પણ એમની નજર સામે ઘણી વખત જ્યારે માણભટે કરેલી વાત તરવરતી ત્યારે એ ગમગીન બની જતા. 'એબવાળાં માબાપનાં છોકરાંમાં કઈ પળે એબ-દેખાય એ કહેવાય નહિ' એ વાક્ય એમને ઘણી વખત ચિંતાતુર બનાવી મૂકતું.

રામસંગની જુવાની અને તેના થતાં વખાણ સાંભળી રજપૂતાણીને પોતાની કુખ ઉજ્જવળ દેખાઈ. જતે દિવસે રામસંગ ડોસાનાં વેણ વ્યાજ સાથે પાછાં સોંપશે એમ એને લાગ્યું.

[૪]

'કેસર ! આવડો મોટો ભાર તું ઉપાડી શકીશ? મારાથી તો ઊચકાતોય નથી.' રામસંગે પોતાના ખેતરને શેઢે દેવીસંગ રજપૂતની દીકરી કેસરને ભારો ચઢાવતાં પૂછ્યું.

એણે મોં મલકાવ્યું ને ધીમું હસતી બોલીઃ 'રામસંગ,

બાર બાર બહારવટિયા સામે લડની વખતે આવો વિચાર તને આવેલો ?' ને કેસરે વાત બદલી. એની મર્દાનગી અને શૌર્યનાં વખાણુ કરતી હોય તેમ જૂનાં સંસ્મરણો રામસંગને યાદ આવ્યાં.

રામસંગ નાચી રહ્યો. પોતે તે વખતે જોયેલી અપ્સરાનું મુખ એની નજર સામે તરવર્યું: 'કેસર ! હું...!' કહેતાં એનું હૈયું ધબક્યું. અને મૂકવાણી દ્વારા બન્નેનાં હૃદયમાં કોઈ અપાર્થિવ આકર્ષણ જન્મ્યાં. ધીમે ધીમે રોજનો પરિચય વધ્યો. અને પુરુષાર્થ પાછળ ઓરત એંચાયું. ઉંવરે બન્નેએ દંપતી જીવનનો નિશ્ચય કર્યો. પણ કેસરનો બાપ રેઢીલો રજપૂત હતો. રામસંગને ઘેર દીકરી દેવા કરતાં દીકરીને ઝેર દેવા કે એક ઝાટકે કટકા કરી નાખવાનાં કરે નહિ એવો ડંખીલો હતો : એટલે બન્નેએ બહારગામ પરિણયુ કર્યાં : શૌર્યને કમલે સૌંદર્ય ચાકી નીકળ્યું.

[૫]

'મરી ગયો...' કરતો પરસેવે રેબઝેબ થઈ ગયેલો અને હાંફતિયાં ખાતો વાણિયો ગામના પાદરથી થોડે દૂર વાવને કાંઠે બેઠેલા રામસંગના પગ પાસે ઢળી પડ્યો. એનાં લૂગડાં ફાટી ગયાં હતાં. એના શરીર ઉપર મારના સોળ ઊંડ્યા હતા. એના દિલમાં ફફડાટ હતો.

'પણ છે શું ?' કહેતાં રામસંગ ઊભો થઈ ગયો.

'ધાડું આવ્યું.' ધ્રૂજતા વાણિયાએ મહામુસીબતે ઉચ્ચાર્યું. ત્યાં તો ગામમાં થતો ઓકારો એને કાને પડ્યો.

ભાગો અને ઓઢણાંની ઝડપ ઝીલી નાખે એવી કારમી ચીસો પવન વાટે સંભળાઈ, ને કેટલું ઝડપ કરી ગયું.

'રામસંગ! ભીરુ.' કહી એ ચીસો ગાજી ગઈ. પણ રામસંગ આજે મહા વિચારમાં પડી ગયો હોય તેમ સૂનમૂન બેસી રહ્યો. 'ભીરુ! રજપૂત! આખરે રજપૂતના દીકરાને વિચાર કેવો!'

રામસંગ આ નવજીવનના ચાળો તાકી રહ્યો. એના દિલમાં કોણ જાણે શું થઈ ગયું કે એની હિંમત ઓસરી જતી એને લાગી. એનું લોહી શીઝી જતું એને જણાયું. એના પગમાં પાણીના રેલા નીતરતા હોય એમ એ અનુભવી રહ્યો. એની આંખમાં ભય અને કાળજામાં ધબકારા ઊભરાયાં.

રજપૂતાણી ગળગળી થઈ ગઈ. 'ભીરુ! ભીરુ!'ના આક્રંદભર્યા એનાં વેણ ધૂળમાં રગદોળાતાં એને લાગ્યાં. એનું ખમીર ઊકળી હાલ્યું. એની આંખો લાલ બની ને એણે ધ્રૂજતા વાણિયાને પૂછ્યું. 'કેટલા આદમી છે?'

'બોન! તારું કામ નથી.' વાણિયે હાથ જોડી ડોકું ધુણાવ્યું.

'હું રજપૂતાણી છું.' કહી એ રણચંડીએ તિરસ્કારથી નીચું જોઈ બેસી રહેલા રામસંગ તરફ જોયું.

પણ રામસંગમાંથી એણે રજપૂતાઈનો અંશ ઓસરી ગયેલો જોયો. પોતાના બાપના કુળનું ગૌરવ એને ઢંઢોળી રહ્યું અને એણે દેહને ઝંઝોટચો. એક ડગલું એ પાછળ હઠી

ને રામસંગની બગલમાં દબાવેલી તરવાર એંગી લીધી. 'હટ નામર્દ !' કહેતાં એણે ગામ તરફ દોટ કાઢી.

'પાછી વળ ! પાછી વળ !' ની બૂમ મારતો વાણિયો પાછળ દોડ્યો. વાઘને પાવડે પગ મૂકી દોડી જતી રજપૂતાણીને રામસંગ ભયભીત બની જોઈ રહ્યો.

રજપૂતાણીએ ગામને ઝાંપે ઢગનાં બાળકો ને ચીસો નાખતી ઓઓ જોઈ. દૂર ગામના જુવાનોને ઝાટકાની રમઝટ ખેલાવતાં નીરખ્યાં ને એની ભૂકીએ ભૂકી કંપી ઊઠી. એ રણચંડી જેવી વચ્ચે કૂદી પડી.

ધાડાવાળા ચમક્યા. જુવાનો લોહીથી નીતરતા હતા, ઘાથી પૂરેપૂરા થઈ રહ્યા હતા, એટલામાં અસ્ત્રધારી મદદથી તેમનામાં હિંમત આવી ને એક ઝાટકે કેસરે લોથ ઢાળી દીધી. થાકેલા ને હતાશ થયેલા ધાડાવાળા આ રણચંડી સામે ઝીક ઝીલી શક્યા નહિ. 'ભાગો'ની બૂમ સંભળાઈ ને પાછું વાળી જોયા સિવાય ધાડાવાળા નાસી છૂટ્યા. પાછળ કોઈ જોખમી બખ્તર ભરવા દોડે એમ કેસરે હડી કાઢી.

ગામના પાદરમાં ઊભા ઊભા રામસંગે એ નાસતા ધાડપાડુઓ જોયા. એનું હૈયું વલોવાઈ ગયું. 'કેસર ક્યાં ?' એ ગામ તરફ તાકી રહ્યો. એટલામાં ફાટી આંખે શૌર્યથી ઊભરાતી કેસર ઊપડતે પગે ત્યાં આવી.

'કેસર ! હવે જલદી ચાલો નીકળીએ. બહુ મોડું

ગયું, ફરી રામસંગે કેસર ભણીથી ચહેરો ને મોં ખોલવા માંડી.

કેસરે તિરસ્કારથી આખું મોં ને હાથમાંની ગાજરીઓ ફાડી રામસંગ તરફ ફેંકી. 'લે' કહી એ પોતાના ગામને રસ્તે વળી.

'કેસર ! કેસર !' રામસંગે કરી ઊંડાં સાદ પાડ્યા. પણ કેસરે તો પાછું વાળી જોયા સિવાય ચાલ્યા જ કર્યું.

બીજે દિવસે ગોક ઝાડની ડાળીમાં કૂવા પાસે ને રામસંગનું શબ લટકતું હતું.

' દુલા શેઠ '

[ધીરજલાલ ધનજીભાઈ શાહ]

એ સાલમાં ગુજરાત અને કાઠિયાવાડમાં દુકાળે કાળો કેર વર્તાવ્યો હતો : ઓગણીસસો છપ્પન જેવો જ. અન્ન અને પાણીના અભાવે લોકો ટપોટપ મરતાં હતાં. ઘડીનો કોઈને ભરોસો નહોતો રહ્યો. સૌ કોઈને—મા, બાપ, પતિ, પત્ની, ભાઈબહેનને પોતપોતાનાં જીવ બચાવવાની પડી હતી. અન્નના અભાવે ઘાસ, ઝાડનાં પાંદડાં કે મૂળનો ઉપયોગ થતો હતો. એય ન મળતાં કેટલાકે તો માનવીનું કાચું માંસ ખાવાની હદ સુધીની મનોવૃત્તિ કેળવી હતી. ઘરબાર, લૂગડાંલત્તાં કે ઘરેણાં તો ઠીક, પણ ભૂખ્યા જઠરને માટે પોતાનાં વહાલસોયાં છોકરાં વેચવા માતાઓ તૈયાર થઈ ગઈ હતી.

શત્રુંજયની તળાટી નીચે વસેલાં ગામડાંઓમાં પણ દુકાળે ડેરો નાખ્યો હતો. પાસેથી જ વહેતી પવિત્ર ગણાતી શત્રુંજય નદીનાં નીર શોષાઈ ગયાં હતાં, અને ધાન ને પાણીના અભાવે ટળવળતાં લોકોને શત્રુંજય પરના

'હુઇંબલ્ટ શેઠની દુકાન આ, કે ?'

'હા.' ઘરાક આવ્યું જાણી શેઠે, બીડીના ઠૂંઠા પર પાનની હોઠ રંગતી હોઠી આંખો તેની આગંતુક તરફ ચાંપતાં જવાબ આપ્યો. 'કેમ, શું લેવું છે ?'

શેઠે ઘરાકની સામે જોયું. શેઠે કોઈ પુરાણા સમયના આંખે આવેલ હતા ને તેની આંખ ઊંડી [illegible] પહેરેલી હતી તેની અંદર ભરી રહી હોય એમ લાગ્યું.

'લેવું તો કાંઈ નથી.'

'તો ?' પગ ઘરેલ બીડીને પાસેના [illegible] આમાં ફેંકી, બીજું પાન લઈ, અંદર ભરેલો નાખવાં નાખતાં પૂછ્યું.

'તમને મળવા આવ્યો'તો.' કંઈ રીતે ને ધંધો પાનને શું કરતી તેની સમજ પુરુષને નહોતી પડી.

'ક્યાં રહેવું ?' શેઠે સપાટાને એક આંખ ચડી ગયું. —એવું ધારીને કે ભૂખ કે દુઃખનું માર્યું કોઈ ઘરાક થયેલું— તેવું આજે મૂકવા આવ્યું' હશે.

'આ પાસેના [illegible] ગામ . . . માં.'

'આવોને અંદર.' ઘરાકને બેસવા પાથરેલ કોથળાને શેઠે ઠીક કર્યો. 'બેસો, શું કામ પડ્યું ?' પુરુષ કોથળા પર બેઠો એટલે શેઠે પૂછ્યું.

'ખરી વાત કહું શેઠ ?' પુરુષે પોતાની છોકરીને એક બાજુ ખેંચી પોતાની પાસે બેસાડી.

'બોલો શું કામ ત્યારે ?'

'એક ઘરેણું વેચવા આવ્યો છું.'

ભરેલું સૂપડું ખોળામાં રાખી બીડિયું વાળી રહ્યા હતા. એમની પાછળ લાકડાના પાટિયાની ફનેરી બાંધેલી હતી, ને તેનાં પર રંગના બે ત્રણ ડબ્બા, રેવડી, ગાંઠિયા, ભરવાના દોરા, કાંકરા વગેરે ધૂળ ચડી જવા છતાં ઝાંખા કાચમાંથી ડોકિયું કરતાં હતાં. તેમની પાસે ત્રાજવાં, તોલાં, ને ગલ્લાની પેટી પડી હતી. એની પડખે કાચા પાકા તેલનાં મળીથી મઢાઈ ગયેલ બે અડધિયાં, માખોથી બણબણતો ગોળનો ડબ્બો, તેની પાછળ ખોખા, ચોખા ને જારનાં થોડાંક કોથળાં હતાં. ને બેએક ઊંદરો અહીંથી તહીં દોડાદોડ કરી રમખાણ મચાવી રહ્યા હતા. શેઠની ડાબી બાજુ ઊંચે ગોખલામાં દુંદાળા ને ફાંદાળા ગણેશની નાનકડી મૂર્તિ હતી. એ સૌની વચ્ચે સીસમના રંગને હંફાવે તેવા શેઠ તેમનું નિત્ય કર્મ કરી રહ્યા હતા.

શેઠને જોઈ આગંતૂકને પાછા ફરી જવાનું દિલ થયું. હાટડી કરતાં શેઠ સુંદર કે શેઠ કરતાં હાટડી તેનો મેળ એના મનમાં કેમે કરી ન ગોઠવાયો. બન્ને ચીજ હરીફાઈ કરી રહી હતી. આગંતૂકે નિરાશ થઈ પગને પાછો ઉપાડ્યો, પણ મનના આવેગે તેને રોક્યો. જે કામ માટે તે અહીં આવ્યો હતો, તે કામ તેને યાદ આવ્યું. 'ભૂ...ભૂ'ની કાલી કાલી વાણીમાં બૂમ પાડી ટળવળતો દોઢેક વર્ષનો નાનો છોકરો, અને પંદર પંદર દિવસથી પૂરા અન્નના અભાવે ચાનોલામાંથી દૂધ સુકાઈ ગયું છે એવી તેની મા તેની નજર સામે ટળવળી રહ્યાં. હિંમત લાવી થરથરતા પગે પેડલી પર પગ મૂક્યો, ને છોકરીને ખભેથી નીચે ઉતારી ઉંબર સુધી એને આગળ વધ્યો.

'ધુળિયા શેઠની દુકાન આ, કે ?'

'હા.' ઘરાક આવ્યું જાણી શેઠે, ચોપડીના પૂંઠા પર પાવળી જેવડું રંગની દોરી બાંધી તેનાં આમળાને બાંધતાં બાંધતાં જવાબ આપ્યો. 'કેમ, શું લેવું છે ?'

શેઠે ઘરાકની સામે જોયું. કોઈ પ્રવાસી જેવા સામે આવેલ હતા ને તેની બાજુ ડાંગી આંગળીમાંથી વછૂટી દોરી તેની ગરજ સારી રહી હોય તેમ જણાયું.

'લેવું તો કાંઈ નથી.'

'ત્યારે ?' ઝળા ગળેલ ચોપડીને પાસેના આળી ખાનામાં ફેંકી, બીજું પાન લઈ, અંદર ઝરો નાખતાં નાખતાં પૂછ્યું.

'તમને મળવા આવ્યો'તો.' કંઈ રીતે ને ક્યાંથી વાતને શરૂ કરવી તેની સમજ પુરુષને નહોતી પડતી.

'ક્યાં રહેવું ?' શેઠે સૂપડાને એક બાજુ મૂકી દીધું, —એવું ધારીને કે જૂના કે દુઃખનું માર્યું કોઈ ઘરાક ઘરેણું—ઘરેણું આજે મૂકવા આવ્યું હશે.

'આ પાસેના જ ગામ . . . માં.'

'આવોને અંદર.' ઘરાકને બેસવા પાથરેલ કોથળાને શેઠે ઠીક કર્યો. 'બોલો, શું કામ પડ્યું ?' પુરુષ કોથળા પર બેઠો એટલે શેઠે પૂછ્યું.

'ખરી વાત કહું શેઠ !' પુરુષે પોતાની છોકરીને એક બાજુ બેઠેલી પોતાની પાસે બેસાડી.

'બોલી શું કામ ત્યારે ?'

'એક ઘરેણું વેચવા આવ્યો છું.'

'એ તો હું જાણતો નહોતો. પણ વેચવું છે કે ખાલી જોવું છે?'

'વિચાર તો વેચવાનો છે.'

'શું છે?'

'છે તો મજાનો હાર. જરાક જુઓ તો!'

'હારને માટે ફુરસદ જેમ નથી! અમારા શેઠ દુકાન માંડી બેઠા હતા! બતાવો જોઈએ, કેટલા ભાવ છે?' શેઠના બોલમાં આતુરતા હતી: શેઠનું ધ્યાન તો મનમાં રમી રહ્યું હતું.

'શેઠ, ફુરસદ-બુરસદ તો અમ ગરીબ માણસ પાસે ક્યાંથી હોય!' આનંદના બોલમાં ગભરામણ હતું. 'પણ આ હાર છે.' એમ કહી, પોતાના કોટના ખૂણે પહોંચી ગયેલ છોકરીને ઉપાડી શેઠ સામે ધરી. છોકરીએ માથેથી ઓઢણી લેવા હાથ તો લંબાવ્યો હતો, પણ પાછી હવે એને પાછા બેસવું પડ્યું.

'એ શું!' ફૂંફાડો શેઠ 'મારા હારને પોતાની સાથે જોઈ આજે મનમાં વાત કરવી તો નથી કહેતું એવો શેઠને વહેમ ગયો. બીજીઓ નવા નાણાં ને લેવ દેવ જેવી જેઓને એવી કહેતી વહુ ઉતરતી મૂકી કોઈ કુંવરી લેવા તો નથી આવ્યું, એવી એમને શંકા ઊપજી.

'જે કહો તે, હાર કહો તો હાર.' પોતાના કોટના તરફ ખેંચાતી જતી છોકરીને પાછી નાખી ફરીને જવાબ આપ્યો.

'પણ એને શું શું?'

'શેઠ, મારે એને વેચવી છે.'

'વેચવી છે! ને તેય દીકરીને?' દુર્લભજી શેઠે દીકરીઓના થતાં વેચાણ સાંભળ્યાં હતાં, ને અનુભવ પણ હતો. કારણ કે આવડી મોટી ઉંમર થવા છતાં એ કારણે તો તેઓ ઘર નહોતા બાંધી શક્યા—વર નહોતા થઈ શક્યા. પણ હજુ કોઈ બાપ સામે મોઢે દીકરી વેચવા આવ્યું હોય એવું એની જાણમાં નહોતું.

'હા.'

'હું ઓછી પારકી દીકરીઓ રાખું છું?' શેઠ પણ વાત કરવામાં ગૂંચવાતા હતા.

'નથી રાખતા એથી તો આવ્યો છું. તમારું નામ અને વાત સાંભળી. ધાર્યું કે તમારું ઘર બંધાશે ને મારું કામ સરશે.'

દુર્લભજી શેઠ નવી વાતથી વિચારમાં પડ્યા.

'શેઠ, પંદર પંદર દીથી ખાવાને પેટ પૂરતું ધાન નથી મળ્યું. દોઢ વરસનો દીકરો માનું દૂધ સુકાઈ જવાથી 'ભૂ ભૂ' કરી વલખાં મારે છે. ગરીબ છું. જાતિભાઈ છું. દયા કરશો તો લેખે ગણાશે. મારી દીકરી તમારે ત્યાં સુખી થાશે. અમને નિરાંત રહેશે ને ટેકો મળશે. અમે ત્યારે જાણું જીવી શકશું.' ભાંગીતૂટી ભાષામાં પુરુષે હૃદયનું દુઃખ ટૂંકમાં જ વર્ણવી દીધું.

નાની છોકરી તેનાં બાપની પાસે બેઠી બેઠી કાપેલ દીજરું પાનનું ડીંટુ ચાવી રહી હતી.

'પણ, તમારી દીકરીને કરું શું?'

'શેઠ આઠ વરસની તો છે. ચારેક વરસ બાકી છે. બે ત્રણ વરસ વેઠય કરવી પડશે. પણ પછી એ તમારી વેઠ્ય કરશે. ચારેક વરસમાં તો તમારે ત્યાં ગજું કરી જશે. ને એનું કાડું પણ બંધાઈ જશે. એટલાં વરસ તમારે સંભાળ રાખવી પડશે, પછી તો એ તમારી સંભાળ રાખશે. અને શે...ઠ, તમારું ઘર બંધાઈ જશે.'

છેલ્લા વાક્યથી દુર્લભજી શેઠ વાતને બરાબર પામી ગયા. તેમણે નાની છોકરી સામે જોયું. હજુ ટીંબરુનું પાન ચાવતી હતી.

'પણ છે તો છોકરી ને!' શેઠ વિચારવા લાગ્યા. 'ચાર પાંચ વરસ મહેનત પડશે, પણ પછી તો ઘરનું કામ ઉપાડી લેશેને!' વળી આ ઉમરે સીસમના મોભ જોવા ને નિરક્ષર શેઠને તોરણ બંધાવાની આશા પણ ન હતી. 'તમારું ઘર બંધાઈ જશે' એ વાક્યથી એને ગલીગચી થઈ. નાનકડી શી છોકરી મોટી થઈ તેમની સામે કૂદવા લાગી. 'સામે ઊભેલી જ છોકરી. સાત વર્ષ પછી તો...' પોતાના વિચારો પવનના વેગ કરતાંય વધુ વેગવંતા બન્યા. પણ તરત જ તેની લગામ પકડી તેમણે વાણિયાગત કરી.

'જુઓ, વેઠય તો મારે જ કરવી રહી. પણ તમે જાતભાઈ છો, ભીડમાં છો, ને ચાર જીવ બચાવવાનું પુન' મળે છે એટલે મન વળે છે. બોલો, શું લેશો?'

શેઠની વાતમાં નરી નફટાઈ હતી: પણ આગંતુકને તેમાં દયા જણાઈ. શેઠની બોલવાની ઢબ કસાયેલી હોય એમ જણાતું હતું.

'નમે આપો એ.'

'હવે આ ઉમરે મારે વેચ લેવી એમ નકામી [illegible] પાંચ પંદર આપનાર કોઈ નાની છોકરાની વેચ ના ક[illegible] એને ખવરાવવું, પીવરાવવું, નવરાવવી, ધોવરાવવી, હું ને એમાંનું કંઈ એવું કરી દેવાનો હતો.' કુર્ભજી શેઠ વગમાં વાત કરી રહ્યા હતા. 'કુરાણ પડીએ પાંચ વરસ સુધી ઉભા થવાનો મોકો કથમને માંડ માંડ મળશે તો મહાજનનું તો શું મનનું ! મારું જાણમાંથ છોકરાં વેચાના કોઈ નથી લેતું એ તો ખબર છે ના ! આવી વેચ લઉં એના ઘરનાં કોઈ તૈયાર જ ના હાવું કે આવનાં વેન કામ ઉપાડી લે,' ઉલટું વાક્ય ડંખ પેઠે બોલાયું હોય એમ અનુભવીને લાગે.

આવેલ પુરુષ 'મા રું જા ર'ના બદલાથી મૂઢ થઈ ગયો. પણ પેટની વેઠ આગળ એ લાચાર હતો. પિતૃહૃદય તો ઇનકાર કરતું હતું, પણ પુરુષહૃદય વધુ જોર કરતું હતું. હૈયું એ કઠોર બન્યું. અને હૃદયને કઠણ રાખીને જ તે બોલ્યો :

'શેઠ, તમારે આપવું હોય એ આપજો. તમારા પર અમારો ત્રણ જણનો આધાર છે, એટલું ધ્યાનમાં રાખજો.'

'એટલે હું માગું જાર નથી આપવાનો હો ! વધુ આપીશ; તમે રાજી થાવ એટલી.' એટલે કે પરોક્ષ રીતે એમનો કહેવાનો ભાવાર્થ એવો હતો કે આપશે તો જાર જ. . . . 'ને વળી તમે જાનભાઈ રહ્યા, આ જ લા ને ઓ ક ડા ને પાણીએ : કીડિયારું પૂરીએ ને પારેવાને

વગેરે ચોરીએ કલાક તેની સામે ને સામે રહેવા લાગ્યું. જ્યાં છોકરીને મન બધું અસુંદરનું લાગતું. પંદર દિવસમાં તો ખાધાપીધા વગર, છતી તેનાથી તે અડધી થઈ ગઈ. શેઠને બીક પેઠી: છોકરી જશે જ—પણ નસીબ હશે દુર્બળજી શેઠનું કે બીજા કોઈ ભાગ્યશાળીનું: પંદરમે દિવસે છોકરીએ શીરું ખાધું, સંભાળ રાખનાર માણસ સાથે તે હળી ગઈ ને ત્રીજામાં દિવસથી તો તે રમતી જમતી થઈ ગઈ. મહિના એકમાં અસુંદરપણું અળગું થઈ ગયું.

એક દિવસ રાત્રે, દુકાન બંધ કરી શેઠ ઘેર પહોંચ્યા. મોડું થયું હતું એટલે માણસ રજા લઈ તરત ઘેર ગયો. ને શેઠ સાંકળ વાસી, અંદર જઈ પોતાના ખાટલા પર બેઠા. પોતાની પડખેના નાનકડા ખાટલામાં છોકરી બેઠી બેઠી દુકાથી રમી રહી હતી. શેઠને જોઈને ઓચિંતી જ બોલી ઊઠી:

'હા...હા!'

'કેમ મોંઘી!' છોકરીનું નામ મોંઘી હતું.

'જુઓ, સરસ છે ને!' મોંઘીએ નવા કપડાં—નાનકડી ધાબળીને નાનકડું ઓઢણું ઓઢ્યું હતું તે બતાવ્યું; ખાટલા પરથી તે નીચે ઊતરી.

'હં હ...અ, બહુ મઝાનું લાગે છે, નહિ!'

મોંઘી આનંદમાં આવી ગઈ.

'મોંઘી, મને કાકા ન કહેવાય, હો!'

'તો!'

'કંઈ ન કહેવાય.'

વગેરે ચોતીસે કલાક તેની સામે ને સામે રહેવા લાગ્યું. ધનો છોકરીને મન બધું અસૂંગણું લાગતું. પંદર દિવસમાં તો ખાધાપીધા વગર, હતી તેનાથી તે અડધી થઈ ગઈ. શેઠને બીક પેઠી: છોકરી જશે જ—પણ નસીબ હશે દુર્લભજી શેઠનું કે બીજા કોઈ ભાગ્યશાળીનું: પંદરમે દિવસે છોકરીએ ચોંકીને ખાધું, સંભાળ રાખનાર માણસ સાથે તે હળી ગઈ ને સોળમાં દિવસથી તો તે રમતી જમતી થઈ ગઈ. મહિના એકમાં અસૂંગણાપણું આગલું થઈ ગયું.

એક દિવસ રાત્રે, દુકાન બંધ કરી શેઠ ઘેર પહોંચ્યા. મોડું થયું હતું એટલે માણસ રજા લઈ તરત ઘેર ગયો. ને શેઠ સાંકળ વાસી, અંદર જઈ પોતાના ખાટલા પર બેઠા. પોતાની પડખેના નાનકડા ખાટલામાં છોકરી બેઠી બેઠી ક્યારની રમી રહી હતી. શેઠને જોઈને ઓચિંતી જ બોલી ઊઠી:

'કા...કા!'

'કેમ મોંઘી!' છોકરીનું નામ મોંઘી હતું.

'જુઓ, સરસ છે ને!' મોંઘીએ નવા કપડાં—નાનકડી ઘાઘરી ને નાનકડું ઓઢણું ઓઢ્યું હતું તે બતાવ્યું. ખાટલા પરથી તે નીચે ઊતરી.

'હં હ...અ, બહુ મઝાનું લાગે છે, નહિ!'

મોંઘી આનંદમાં આવી ગઈ.

'મોંઘી, મને કાકા ન કહેવાય, હો!'

'તો!'

'કંઈ ન કહેવાય.'

[illegible] ન પડી. દુર્લભ શેઠે [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible].

'ના...કિ.' મોંઘી [illegible] કરી [illegible] બોલી. તે દુર્લભજી શેઠના [illegible] સુધી પહોંચી ગઈ હતી. શેઠે તેને ઉંચકીને પોતાના ખોળામાં બેસાડી.

'મને શેઠ નહિ કહેવાના. બાપા કહેજે.'

'કેમ ?'

'તું મોટી થઈશને ત્યારે એ બધું સમજીશ તો.' દુર્લભજી શેઠે મોંઘીના મોંને ઊંચું કરી, તેની સામે જોતાં જોતાં કહ્યું.

'સારૂ.' જાણે બધું સમજી ગઈ હોય તેમ મોંઘીએ ટહુકો કર્યો.

અને શેઠે વરંડામાં આવી જઈ, એક [illegible] ભરી લીધી.



દિવસ પર દિવસ પસાર થવા લાગ્યા. બે વર્ષને જતાં તો વાર પણ ન લાગી. મોંઘી દસ વર્ષની થઈ ગઈ છે.

નિશ્ચિંત જીવન, ગામડાની હવા ને શરીર કસાય તેટલી મહેનતથી દસ વર્ષની મોંઘી તેર વર્ષની છોકરી જેટલું ગજું કરી ગઈ છે.

દુર્લભજી શેઠ વિચારોના ટટ્ટુઓ પર સવાર થઈ મજલ કાપી રહ્યા છે. નિર્દોષ, રમતિયાળ મોંઘી દુર્લભજી શેઠ સાથે ગેલ કરતી કરતી, ખોળામાં બેસી જાય છે : શેઠ તેને પગ ઉપર ચડાવી હિલોળા લેવરાવી, કે તેને ઊંચકી

ગાયે ઉછળતી મોંઘીના જીવનમાં રસ પૂરે છે, ને ક્યારે ઉમર લાયક થાય—ક્યારે ચૌદ વર્ષની થાય તેની રાહ જુએ છે.

ચોમાસાના દિવસો છે. છોકરીઓ મોળાકત રહી છે. મોંઘી પણ મોળાકત રહી છે. ચારેક દિવસથી ટાઢિયા તાવથી શેઠ પથારીવશ છે. મોંઘી શેઠની શુશ્રૂષા કરી રહી છે. દિવસ પર જય મેળવતી નિશાએ ધીમે ધીમે પોતાની શક્તિનો પરચો દેખાડવો શરૂ કર્યો છે. શેઠનાં નસકોરાં ધીમેથી બોલી રહ્યાં છે, ને મોંઘી, એક બાજુ, બહાર પરસાળમાં રમતી રમતી ગાય છે:

'ગોરમા, ગોરમારે
કંથ દેજો કહ્યાગરો...'

શેઠ અર્ધનિદ્રામાંથી જાગ્રત થઈ ગીત સાંભળી રહ્યા. છોકરીઓના મનપસંદ ગીતમાં તેણે અંગાણું ન પાડ્યું. મોંઘીના કંઠમાં કુમાશ હોય, ને સ્વરમાં કોમળતા હોય એવું શેઠને આજે પહેલવહેલું લાગ્યું.

રમતી રમતી મોંઘી અંદર આવી, એટલે શેઠે કહ્યું:

'મોંઘી! દવાની પડીકી ક્યાં મૂકી છે?'

'લ્યો. એ તો હું ભૂલી જ ગઈ, હાં!' મોંઘી ઓરડામાં ગોખલામાં મૂકેલ પડીકી લઈ આવી. મધ આણ્યું. વાટકી આણી.

'લાવને, હું કાલવું છું.'

'ના, હું કાલવી દઈશ. તમ તમારે સૂઈ રહોને!' શેઠના ખાટલા પર બેસી મોંઘીએ દવા કાલવતાં કાલવતાં કહ્યું.

ને શેઠની કલ્પનામાં અસંખ્ય હિલોળા ચડવા શરૂ થયા. દીવાના તેજમાં, કૂદકે ને ભૂસકે મોંઘીનું યૌવન આગળ વધી રહ્યું હોય એમ શેઠને લાગ્યું. બે વર્ષ પહેલાની ને આજની મોંઘીમાં આસમાન જમીન જેટલો એને ફેર જણાયો. પણ એમને એમની સંતોક યાદ આવી. સંતોક ગામની કોળણ હતી. અને બે વરસથી ક્યાંક ભાગી ગઈ હતી. પોતાની માંદગીને ટાણે એ જ એની ચાકરી કરતી. પણ મન એટલેથી ન જંપ્યું. એણે હદ વધારી. શેઠને એક વિચાર આવ્યો : આવી એક જ દીકરી—ફક્ત એક જ દીકરી હોત તો !—' સાથે જ એ વિચારને દબાવી દઈ માંદગીના બિછાનામાંય જાતીય સ્નેહનું મોજું ઊછળ્યું. શેઠે અસંબંદ્ધ વિચારને દફનાવી, દવા ચાટી લીધી.

પછીના આઠ દિવસમાં તો માંદગીએ ગંભીર સ્વરૂપ લઈ લીધું. સ્થિરતાથી ઊભી શકાય એવી સ્થિતિ ન રહી. ભરાવદાર શરીર ધીમે ધીમે ધસાવા લાગ્યું. પણ શેઠને હૂંફ ભારે મળી ગઈ હતી. ' મને કાકા ન કહેવાય, પાપ લાગે ' એવી શેઠની શિખામણ નિર્દોષ મોંઘી ભૂલી ગઈ ને ખાટલા પાસે પહોંચતા જ તે નિર્દોષ ભાવે બોલતી :

' કાકા ! થોડીક કાંઈ લાવું ? '

' કાકા ! આ દવા લો જોઈએ, વખત થઈ ગયો છે.'

' કાકા ન કહેવાય ' એવી માથાકૂટ શેઠ કરી શકે એવી સ્થિતિમાં ન હતા, પણ પછીના દસ દિવસ સુધીની મોંઘીની સતત્ સેવાએ વળતાં પાણી કર્યાં. શેઠને ધીમે ધીમે આરામ થવા લાગ્યો. કેટલીક વખત ખાટલામાં બેઠા બેઠા તે મોંઘી સામે જોઈ રહેતા, ને આ ઉમરે મોંઘીને પોતાને

યાં બોલવા પરણ પ્રેમરનો અંતઃકરણથી આભાર માનતા.

પાંચ દિવસ પછી શેઠ હરતા ફરતા થઈ ગયા. એક દિવસ તે ઊંઘી ગયા હતા, પણ હવા લેવી ભૂલી ગયા હતા એટલે મોંઘીએ જગાડ્યા.

'કાકા!'

શેઠની ઊંઘ ઊડી ગઈ, ને બોલ્યા:

'મોંઘી, ભૂલી ગઈ ને ! મને કાકા ન કહેવાય.'

'કેમ!'

સમજ પાડવા માટે શેઠની પાસે એક વાક્ય કે કે શબ્દ નહોતો.

'હું તો કાકા જ કહીશ' કહી મોંઘી શેઠની પાસે બેસી ગઈ, ને 'કાકા કેમ ન કહેવાય, હેં ?' શેઠની સામે જોઈ પૂછી રહી.



મહિનાની અંદર શેઠ તૈયાર થઈ ગયા. દુકાને જવા આવવા લાગ્યા. એક દિવસ સવારના પહોરમાં જ દુકાનેથી કંઈ ચીજ લેવા મોંઘી શેઠની સાથે જઈ રહી હતી, ત્યારે ભર બજારે એની વાત થઈ રહી.

'માથે દુખે ભારે કરી હો !'

'મળતી નહોતી, પણ મળી ગઈ ના ! શેઠને બચાવ્યા પણ એણે જ તો ?

'અરે, એકાદ વરસમાં તો ગજું કરી ગઈ સમજોને.'

વાતોમાં એક જણે ટીખળ પણ કર્યું:

'પણ છોકરી પાકી, દેખાય છે આખો બાપ જેવો.'

એકએક શબ્દ, પૂરી સ્પષ્ટતાથી દુર્લભજી શેઠના કાં
અથડાયો. એમનું રવે રૂનું ખડું થઈ ગયું. પણ એક શબ
બોલ્યા વગર કૂંચીના ઝુમખાને ખખડાવતાં ખખડાવતાં
મોંઘીને દોરતાં દુકાને જઈ પહોંચ્યા. છેલ્લા વાક્યે એમ
વિચાર કરતા કરી મૂક્યા હતા.

દુકાન ઉઘાડી નિત્ય કર્મ શરૂ કર્યું. થોડી વાર મોંઘ
પણ બેઠી. જૂનો કોથળો પાથરી, રાતે પલાળી રાખેલા ટીંબરુના
પાન કાતરવા શરૂ કર્યાં. કાતર ચ...ર...ચ...ર કરતી
પાંદડાને કાતરી રહી. મોંઘી એક બાજુ બેઠી બેઠી કતરાતાં
પાંદડા સામે જોઈ રહી. પાંદડાં કાતરતાં કાતરતાંય શેઠના
મગજમાં 'બાપ' જેવો શબ્દ ને એનો જ વિચાર ઘોળાયા
કર્યો. ભૂલવા મહેનત કરી, પણ વધુ જોરથી વિચાર આવવા
લાગ્યો. માંદગીમાં 'કાકા' કહી સેવા કરતી મોંઘી તેમની
નજર આગળ તરવરી રહી.

પાંદડાં અડધાં કાતર્યાં હશે, ત્યાં ઘરાક આવ્યું. ઘરાક
ગામની કોળણ સંતોક હતી. દુકાનમાં એકદમ પ્રવેશી એણે
શેઠનું ધ્યાન ખેંચ્યું. શેઠનો ને એનો નાતો ગામમાં જાણીતો
હતો, ને દુકાને દીમાં ત્રણ ચાર વખત તેનું આગમન
સ્વાભાવિક હતું, એટલે ટેવાઈ ગયેલા લોકો એના પર વધુ
ધ્યાન ન આપતાં.

'કાં શેઠ !' સંતોકે આંખ મારતાં મારતાં જ વાત
ઉપાડી. 'શેઠાણી લાવ્યા ને શું ?'

'હવે શેઠાણી બેઠાણીની પછી વાત, પણ બે વરસથી
તું ક્યાં ગઈ'તી ? મારે બીજું માણસ કામ કરવા રાખવું

પડ્યું.' [illegible]
[illegible] હતા.

'તમારે [illegible] ...[illegible]'
[illegible] કહેશો.'

'હું કે તો [illegible]...[illegible] ના હોય !'

'હવે [illegible] !'

'હજુ મોડી તો થાવા દે.'

'તો ક્યાં જાના છો ? તમે [illegible] એમાં કોઈ [illegible]
હોય !' [illegible] વધુ [illegible] દેખાવ [illegible]
[illegible] મોદી [illegible].

મોદીની નજર પડીઆર શેઠ સામે ને પડીઆર સંતોક સામે જઈ રહી. શેઠ ને સંતોકનો મેળ શી રીતે આવ્યો હશે એનો વિચાર નાની ગોવાળીને નહિ આવ્યો હોય એમ સંતોકને લાગ્યું.

'કેમ મોદીબા, આવવું છે ને કળિયે ?'

મોદીએ જવાબ ન આપ્યો. પહેલાં કરતાં વધુ સ્થિરતાથી તેણે સંતોક તરફ જોયા કર્યું.

'આવશો ને !' કાળજે મોદીની છેક નજદીક જઈ પૂછ્યું, ને શેઠ સામે આંગળી ધરી મોદીને પ્રશ્ન કર્યો. 'આ કોણ થાય, ખબર છે ?'

મોદીએ ડોકું ધુણાવ્યું.

'છે તો પછી, હા શેઠ ! મને તો પછી બારણામાં ગરવાય નહિ દે.' ને મોદી સામે જોઈ કહ્યું. 'એ તો તમારા ઘરવાળા થાય, સમજ્યા !'

મોંઘી સમજી કે ન સમજી તેની કોળણુને ખબર ન પડી. પણ કોળણુથી તે દૂર ખસી જઈ એક બાજુ બેઠી.

દુર્લભજી શેઠના મનઃદ્વારે પેલા ટીખળીનાં વાક્યે સાંકળ ખખડાવી:

'છોકરી પાંહે દેખાય છે, માળો બાપ જેવો.'

'ને હું તો કાકા જ કહીશ.' મોંઘીનું વાક્ય શેઠને યાદ આવી ગયું.



મોંઘીને અહીં આવ્યા પાંચ વર્ષ તો જોતજોતામાં વીતી ગયા. પાંચ પાંચ વર્ષ સુધી દુર્લભજી શેઠે મોંઘીની માતા તરીકેનું સ્થાન સાચવ્યું. પિતાના જેટલી જ તેવડથી મોંઘીની સંભાળ રાખી ને પતિ જેટલી જ જવાબદારીથી તેને સાચવી, રીઝવી, સંતોષી. માતૃહૃદય, પિતૃસ્નેહ, પતિપ્રેમ એ ત્રણેનો સંગમ થયો ને દુર્લભજી શેઠ ત્રિવેણીરૂપ બન્યા. પાંચ પાંચ વર્ષ સુધી મોંઘીને એકલપણું જણાવા ન દીધું. —અને તે એટલે સુધી કે જેનાથી હમેશાં મોંઘી દૂર જ રહેતી તે સંતોક સાથેનો સંબંધ પણ છોડી દીધો.

માણસ આવી પાણી ભરી જાય, મોંઘી થોડું થોડું કામ શીખે, શેઠની સાથે જ રાંધવા બેસે, બપોર પછી દુકાને જાય, સવારનું રાંધેલ સાંજે જમી બન્ને વાતો કરે, કદીક મોંઘી શેઠના પગ દબાવે, કહે તો માથું દબાવે, શેઠ એકાદ બચી ભરે, ને મોંઘી પોતાના ખાટલામાં સૂઈ જાય આવો ક્રમ થઈ ગયો હતો. પણ હવે તો મોંઘી રાંધતાં શીખી ગઈ છે. કદીક કદીક પાણી પણ ભરી લાવે છે. ઘરનું

આખું કામકાજ એણે ઉપાડી લીધું છે. મોંઘી જુવાન જોધ થઈ ગઈ છે. તેર વર્ષની મોંઘી સોળ વર્ષની યૌવનાને પણ શરમાવે એવું ગજું કરી ગઈ છે. ને દુલા શેઠને 'કાકા' કેમ ન કહેવાય તેની લોકોની વાત પરથી એને સમજ પડી ગઈ છે.

મોંઘીને ઘરબાર, માબાપ, કોઈકવાર યાદ આવે છે, પણ સુખમાં એની પૂરી સ્મૃતિ નથી રહેતી. દુલા શેઠ ઘની રસોઈ ખાતાં થઈ ગયા છે.

હવે તો મોંઘી, શેઠની વધુમાં વધુ સરભરા કરે છે. બહારગામ ઉઘરાણીએ જઈ આવ્યા હોય, થાકી ગયા હોય, તો મોંઘી જાતે જ પગ દબાવવાની, માથું ચોળવાની, પવન નાખવાની માગણી કરે છે, પણ લગભગ બે એક વરસથી શેઠમાં થયેલ ફેરફારની મોંઘીને કશી સમજ નથી પડતી. શેઠ પોતાની સાથે બોલે ચાલે છે, વાતો કરે છે, પણ પગ દબાવતા નથી, માથું ચોળાવતાં નથી, ને વિચાર કર્યા કરે છે, એ વાતે તે મૂઝાયા કરે છે.

હમણાં હમણાંથી મહેમાનનો અવરજવર પણ વધ્યો છે. જેને ત્યાં કોઈ દી મહેમાન નહિ, એમને ત્યાં મહેમાનો અવારનવાર આવ્યે જ જાય છે. આજે પણ એક મહેમાન આવ્યા છે. શેઠની સૂચનાથી મોંઘી પાણી ભરવા જાય છે.

મોંઘી પાણી ભરીને, નાનકડું બેડું માથે મૂકી પાછી ફરતી હોય છે. દુર્ભાગ્યે શેઠ પણ કોઈ કામે ઘેરથી દુકાને જતાં હોય છે. બેડામાંથી પાણી છલકાઈને મોંઘીને રંગી રહ્યું છે, ને ચોરે બેઠેલ ગામ–નરાશિયા પલળેલા વસ્ત્રોમાંથી

આછા ઝગમગતા બદનને જોઈ ગપ્પાં મારતા હોય છે. તેઓ દુર્લભજી શેઠને ઊભા રાખી ટપારે છેઃ

'કાં દુલા શેઠ ! હવે તો કાકા જબરી થઈ ગઈ, નાં ?'

'માળીએ ગજું પણ ભારી કર્યું હો, શેઠ !' બીજાએ સાથ પુરાવ્યો. 'ઘી ગોળ ખૂબ ખવરાવ્યા લાગે છે.'

'કેમ ના ખવરાવે ? શેઠ હવે ખારેક ક્યારે વહેંચવી છે ?'

શેઠ એના કહેવાનો મર્મ સમજી ગયા. પણ બિચારા લોકો ! શેઠના હૃદયની વાત ક્યાંથી જાણે. દોઢ વરસથી એ નિરાંતે નથી ઊંઘતા કે નથી આરામથી ખાતા, એની ગામ-લોકને ક્યાંથી ખબર ! શેઠને ત્યાં મહેમાનો ક્યાંથી ને શાથી નીકળ્યા છે, તેની પણ તેમને શી તમા ! એ તો ફક્ત ખારેકની રાહ જોઈ રહ્યા હતા.

'ખારેક ? આ ચાર મહિના પછી !' દુર્લભજી શેઠે જવાબ આપ્યો.

'પણ શેઠ, ખરે તાકડે તમે ક્યાં સુકાતા હાલ્યા.' શિયાળામાં શેઠ લગ્નવિધિ કરશે એવું સમજી જનાર એક જુવાને ટોણો માર્યો.

એ વખતે જ મોંઘી બેડું હાલવી પાણી ભરવા પાછી ફરી હતી. તે આ વાત સાંભળી ગઈ. ઘેર આવી શેઠના શરીર સામે એણે ધારી ધારીને જોયું. શરીર સુકાઈ ગયેલું લાગ્યું. એકાંત મળે તો પૂછવાની ઘણી ઇચ્છા થઈ પણ મહેમાનની આડખીલી હોવાથી ન પૂછી શકાયું.

બીજે દિવસ શેઠ મહેમાનની સાથે જ બહારગામ

ક્યા નીકળ્યા 'ઉપકારનું [illegible] પાપ હોય.' એમ મેંથીને કરી હોય. એટલે કે [illegible] કરવાનો બગાસ ન મળ્યે [illegible] [illegible] [illegible] લીધા. ફરી સ્નાન [illegible] [illegible] બનાવવા માટે રોક રાખી.

રાત્રે [illegible] વાળા હતી. ચંપીને સામે [illegible] બેઠાંને રેતી, પાંચે બંધી. ઉપરનો ભાગ પોતાની જાતે જ [illegible] ખાંચો મારો, ઉપગારોથી શોને [illegible] ને ગોને આરામ લેવા જવા કહ્યું.

હાથથી પરવારી બેઠી [illegible] પાસે ગઈ, ખબર પૂછવા ને વાત કાઢી:

'કહો ના કહો, પણ તમારા પેટની કાંઈ સમજ નથી પડતી !

'શાની ?'

'તમારા પેટની વાત.'

'તારાથી શું છાનું રાખ્યું છે ?'

'ઘણું બધું.'

'પણ વાત તો કર.'

'આ એક વાત તો આ કે તમે શેની ફીકરમાં છો, એ કાંઈ ક્યારે કહ્યું છે ! જુઓને, શરીર પણ કેટલું લેવાઈ ગયું છે !'

'તને, અમસ્તું એ તો લાગે છે.'

'ના, કહો ના કહો પણ કંઈક ફીકર છે. બે મહિનાથી તો અનેક રાત્રે બહાર સુવાડો છો, તે મને કાંઈ નહિ

થતું હોય! અમેય માણસ છીએ હો!' દિવસે ગોઠવી રાખેલ વિચારો મોંઘી બોલી રહી હતી. થોડી વાર અટકીને તે બોલી. 'તમે મને નહિ કહો તો પછી કહેશો કોને?'. અને તે શેઠના પગ પાસે ખાટલા પર બેસી ગઈ. શેઠે પગને એક બાજુ ખેંચી લીધા એનો ખ્યાલ મોંઘીને આવી ગયો.

શેઠે મોંઘીને કોઈ વાર આટલી બોલકણી નહોતી જોઈ. આટલી હિંમત પણ તેણે કોઈ દિવસ નહોતી ભાળી. તેર વર્ષની છોકરીઓને પરણીને સાસરે જતાં એણે જોઈ હતી, તેર તેર વર્ષની છોકરીઓને સંસારના પૂરા અનુભવવાળી એણે દેખી હતી પણ મોંઘીમાં એટલો વિકાસ એણે નહોતો અનુભવ્યો. મોંઘીને બદલે પ્રૌઢ સ્ત્રી તેની પાસે બેઠી હોય એવો એને ભાસ થયો. તેનું માથું ચક્કર ચક્કર ફરવા લાગ્યું.

'તમારે મને વાત કહેવી જ પડશે, સમજ્યા! નાની હતી ત્યારે પગ દાબવાનું કહેતાં, માથુંય દબાવા દેતા, હવે તો કોણ જાણે શું થઈ ગયું છે કે કંઈ કામ ચીંધતા જ નથી.' બોલતી બોલતી તે ઊભી થઈ. અને બહારગામથી ભરીને લાવેલ ખલતાને તે જોવા લાગી.

ખલતાની એક બાજુમાંથી એણે તૂરિયાં, ગલકાં, ને ભીંડાનું શાક કાઢ્યું. થોડાં કૂણાં મરચાં પણ હતાં. એ જોઈ એ બોલી ઊઠીઃ

'મરચાં સરસ છે હો! કાલે સવારમાં આને વધારીશું.'

ખલતાની બીજી બાજુ એણે વીંખવી શરૂ કરી. ઉપરથી જ ચોપડો નીકળ્યો. ચોપડાને જોઈ એ તીખી થઈ.

'આ ચોપડો જ ફફર્ય કરાવે છે, મારે નથી જોઈતી એવી ઉઘરાણી.' કહી તેણે ચોપડાને એક બાજુ પછાડ્યો.

ફરી ખલતામાં હાથ નાખ્યો, કપડામાં કંઈક વીંટાળેલ હોય એવું એને લાગ્યું. બહાર કાઢતાં કાઢતાં એણે પૂછ્યું:

'આમાં શું છે?'

શેઠનું ધ્યાન ખેંચાયું. પણ તે મૂંગા રહ્યા.

આતુરતાથી મોંઘીએ કપડું ખુલ્લું કર્યું, પણ તે ચમકી. એમાં કંકુથી છંટાયેલ શ્રીફળ, અક્ષત, ચાંદીનો સિક્કો ને સ્વસ્તિથી દોરાયેલ ને કંકુથી છંટાયેલ એક કાગળ હતો.

મોંઘીને કાંઈ સમજ ન પડી, એટલે 'આ શું?' એમ પૂછવા મોંઘીએ શેઠ સામે નજર કરી. ખંડમાં પટારા પર નાનકડું સ્વચ્છ હારકેન ઝગી રહ્યું હતું. ને તેનું આછું પણ સ્પષ્ટ તેજ એક બાજુ થઈ સૂતેલ શેઠના મુખ પર પડતું હતું. મોંઘીની નજર શેઠના મોં પર પડતાં જ તે કંપી. શેઠની આંખમાંથી આંસુ સરતાં હતાં. કદી નહિ ને આજે—પોતાના આગમન પછી પાંચ વર્ષે.

મોંઘી સડપ દઈ બેઠી થઈ ગઈ. કલબલ કરતી એક ચીબરી ઘર પર થઈ ઊડતી જતી હોય એમ મોંઘીને લાગ્યું. મોગાકત ને ગોર્યમાની વાતો તેને યાદ હતી. તેમાંના કેટલાક શબ્દો તેની જીભને ટેરવે દિવસ દરમિયાન રમી રહ્યા હતા, તે એકદમ યાદ આવ્યા. દોડની તે ખાટલા પર લાંબી થઈ ગઈ ને દુર્લભજી શેઠના ગળે વળગી પડી.

'તમને શું ફફર્ય છે, બોલોને, ન બોલો તો મારા સમ!'

દુર્લભજી શેઠ આવી અણધારી પરિસ્થિતિ માટે તૈયાર નહોતા, ને બરાબર ત્રણ વર્ષથી માંદગીને બિછાનેથી ઊઠ્યા પછી એક દિવસ પણ એ માટે તૈયારી કરી નહોતી: વિચાર સરખોય કર્યો નહોતો, એટલે પોતાને ગળે ને ડોકે મોંઘીને વીંટળાતી જોઈ, વીજળીની ચમક જેટલી ઝડપથી તે બેઠા થઈ ગયા. ખેંચાઈને ઊંચી થયેલ મોંઘીનો હાથ ગળેથી ધીમે રહી દૂર કરવા વ્યર્થ મહેનત કરી. પુત્રીના વેવીશાળના પ્રતિક સમા શ્રીફળ, અક્ષત તરફ ભીની આંખે નજર નાખી, એક હાથ મોંઘીના વાંસા પર ફેરવતા ફેરવતા એ બોલી ઊઠ્યા:

'બેટા! મોંઘી! તું તો મારી દીકરી છે.'

મા !

[ધૂમકેતુ]

'એ...ય......એ કુલી, ઇધર આવ.'

મોહનપુરના નવા નાના સ્ટેશનના બે-ચાર મજૂરોને આ શબ્દ નવીન હતો. પણ 'હૅટ,' પાટલુન, છુટાં બટનવાળો હાફકોટ, કાંડા પર વગગાડેલી સોટી, ને એક હાથમાં ચામડાની 'બૅગ' સાથે, વિનાયકે દૂર ઊભેલા મજૂરને બોલાવ્યો કે તરત સલામ કરતા એક ને બદલે ત્રણ મજૂરો આવીને ઊભા રહ્યા.

'યે લે લો.'

ચામડાની બૅગ, ટ્રંક, વગેરે સામાનને મજૂરો ઝપાટાબંધ ઉપાડવા લાગ્યા.

'ત્રણ જણાનું શું કામ છે?' પાછળ ઊભેલી મોહિનીએ કહ્યું.

પરંતુ 'અરે, બાઈ સા'બ, અરે, બાઈ સા'બ, અહોત બાર હમ' કરતા ત્રણે જણાએ થોડો થોડો સામાન ઉપાડી લીધો ને ચાલી નીકળ્યા.

[illegible] વિનાયક ને મોહિની આવ્યાં [illegible]

[illegible]

'[illegible]' વિનાયકે [illegible] મોહિની સામે જોયું.

'અહીં કેટલી વખતે આવ્યાં હોઈશું!' મોહિનીએ જવાબ [illegible] પરણ્યા પછી પહેલી જ વાર [illegible] હતું. મોહિની પોતાના પિયરના ગામ ભણી પાછી ફરતી હતી. દસ વર્ષ પહેલાં તો આવું સ્ટેશન પણ ન હતું. દસ વર્ષમાં એવા અનેક ફેરફારો થયા હતા કે જેના તરફ મોહિનીની આંખ ફરી વળતી હતી, અને એના દિલમાં બાળપણની સંસ્મૃતિઓ જગાડતી હતી. આ રસ્તે થઈને જ [illegible] સ્ટેશને પહોંચતા તેઓ ગાડામાં બેસી નીકળતા ત્યારે એક પીપર નીચે ભાતું ખાવા બેસતાં. તે વખતે એનો છાંયો શરૂ થતો હતો. આજે તો એ પીપરનો છાંયો આરસી ઝૂંઅણા જમીનને છાઈ રહ્યો હતો. પેલા કૂવા ઉપરની નીકળી ગયેલી ગરગડી તો હજી એમ જ હતી. પણ ત્યાં પાસે બે ઝાડ નવાં ઊગ્યાં હતાં.

મોહિનીની આંખ જૂના સંસ્મરણોને લીધે ભીની થઈ ગઈ.

'એ...ય કુલી, વો ગાડીવાલેકુ બુલાઓ?' વિનાયકે એક મજૂરને કહ્યું. મોહિનીના અંતરના દ્વાર તો બંધ થઈ ગયાં હતાં એટલે એણે આ શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા; એનો સમસ્ત મનઃપ્રદેશ એક રમણીય સ્ત્રીમૂર્તિના વાત્સલ્યભીનાં નેન વડે છવાઈ ગયો હતો. પોતે નાની હતી, અંદર પડી

મગજ એનું ભાન નહિ હોવાથી, એક વખત, કૂવા પાસે પાણી જોવા દોડી ગઈ, ત્યારે પાછળથી ચુપચુપ આવી એને ઉપાડી લઈને કોઈ એને છાતી સરસું ચાંપી રહી કહી રહ્યું હતું: 'બેટા, અંદર નહિ પડે કે !' અને એ એની માની મૂર્તિ હતી.

અત્યારે મોહિનીનું આખું હૃદય એ મૂર્તિથી સભર થયું હતું. એમાં કોઈના પ્રવેશ માટે જગ્યા ન હતી.

એટલામાં ગાડાવાળો આવી પહોંચ્યો. મોહિનીએ એને ઓળખ્યો. અંધી જમાદારના નામથી ઓળખાતું એનું મોં એને પરિચિત હતું. આઠ વર્ષ પહેલાં—એક ભરેલી રાતે, સંકેત પ્રમાણે વિનાયક સાથે પોતે નાસી જવા ઉપડી ગઈ ત્યારે આ અંધી જમાદારે જ એમાં મદદ કરી હતી. એના પિતાને એ વિવાહ પસંદ ન હતો. પણ મોહિની ગામડા ગામમાંથી શહેરમાં ભણવા ગઈ અને ત્યાં જ વિનાયક સાથે મૈત્રી થઈ અને એ મૈત્રી ધીમે ધીમે પ્રણયનું રૂપાંતર પામી છેવટે ભાગેડુવેડામાં પરિણમી. કારણ કે વિનાયક જેવો ભણવામાં હોશિયાર હતો તેવો પ્રણય શાસ્ત્રમાં પણ પ્રવીણ હતો એટલે એણે પોતાની પ્રથમની પત્ની અને એક બાળકને તજીને આ બીજા સંબંધમાં સફળતા મેળવી. ત્યારપછી તો વિનાયકે એક પછી એક અનેક પરીક્ષાઓ પસાર કરી અને આજે એનું ઉચ્ચપદ જોઈને એના ઘણા મોહિયાઓ, આ કેવળ ગોખણપટ્ટીથી પહેલો નંબર મેળવતા મિત્રની ચરણરજ મેળવવા તલસી રહ્યા હતા.

મોહિની એક વખત ઘરમાંથી ભાગી નીકળી—પછી

[illegible]

... જોઈ ત્યારે એની સામાન્ય શક્તિ ... હતી. ... અને ... એનું ... ... અધીનતા ... હતી.

ગાડીવાળાને જોતાં જ મોઢિયાં હર્ષથી બોલી ઊઠી: 'અરે! અંગી જમાદાર, તમે ક્યાંથી?'

પણ વિનાયક તરફની એક દૃષ્ટિએ તેને મૂક બનાવી દીધી. જે અધિકાર પર એ હતો એ અધિકારની છાયામાં રહેનાર કોઈને મનસ્વીપણે વર્તવાનો અધિકાર નથી એ વગર બોલેલું વાક્ય વિનાયકની દૃષ્ટિમાં બેઠું હતું.

'ક્યા ભાડા હય? કોઈ ટપ્પાવાલા નહિ હૈ?'

'જી હજુર! અબ તો મૈં અકેલા હૂં. ચાલ સો દો.'

વિનાયકે ગાડા પાસે જવાની હિમ્મત તો કરી પણ અંદરની વ્યવસ્થા જોઈ એ ધ્રૂજી ઊઠ્યો. કેવળ ચીંથરા

જેવા મોટા મોઢાને માથા પર પાઘડી મોટી બનાવી હતી. એક મહીના: વિનાયકને એમ પણ હતું કે મારે શા માટે જવું જોઈએ ? એકલી મોહિની જઈ આવે ને સાંજે પાછી આવી જાય. તે તરત મોહિની તરફ ફર્યો:

'મોહિની ! તું એકલી જ જા !'

'મારે, પણ અહીં સુધી આવીને હવે ?'

'એમાં તું ન સમજે, તું એકલી જ જા.'

મોહિનીની ભીની આંખમાંથી એક આંસુ ખર્યું.

'અને હું અહીં જ રોકાઈશ. સ્ટેશન માસ્તર પરોણાગત કરી શકશે. તું જાને તો સાંજે—નહિ તો કાલે પાછી વળી જજે !'

'પણ સા'બ આપને હરકત—'

સાફાવાળો સીધી જમાદાર બોલતો બોલ્યો પણ ચૂપ થઈ ગયો. વિનાયકની દૃષ્ટિ એને એની સામાજિક સ્થિતિનું ભાન આપી રહી હતી. ઊંચે નીચે જોયા વિના એ તો એક તરફ ખસીને ઊભો રહ્યો.

'ત્યારે તમે નહિ જ આવો ? તમારો સ્વભાવ આવો કેમ છે ? આવો તો કેટલું સારું લાગે !'

સીધી જમાદાર રહી શક્યો નહિ: 'સા'બ ! એક વાત...'

પણ વિનાયકના નાકના ટેરવા પર ગયેલી આંગળીએ એને ચૂપ કરી દીધો. એટલામાં તો સ્ટેશન માસ્તર, સાંધાવાળો નાયક ને સઘળા પણ ત્યાં આવીને અદબ વાળીને ઊભા રહી ગયા હતા. સૌને એમ લાગ્યું હતું કે કોઈ

ધ્યાન આપવા યોગ્ય મોટા અધિકારીના ઉપેક્ષા થઈ જશે તો બાર વાગી જશે.

મોહિનીએ વિનાયકને કહ્યુંઃ 'એ લોકોને કેટલું ખરાબ લાગશે ?'

'આપણે ક્યાં કોઈને ખબર કરી છે—અને કોઈ દિવસ કાગળ પણ ક્યાં લખ્યો છે કે ખરાબ લાગે. ઊલટું આવવાથી ખરાબ લાગશે.'

'તો હું પણ ન જાઉં !'

'તે તારી મરજી—હું આ ગાડામાં બેસીને 'હાર્ટ ફેઈલ' થાય એવી મુસાફરી કરવાનો નથી.'

'અને મારું 'હાર્ટફેઈલ' નહિ થાય ?

'તું ભૂલે છે. તું એ વસ્તુને ટેવાયલી છે. તું એમાં જ જન્મી છે.'

શિખામણ હતી કે કટાક્ષ તે સમજ્યા વિના જ મોહિની ગાડામાં ચડી બેઠી અને સાહેબ, સ્ટેશનના નાના અધિકારીઓ સાથે વાતો કરતા પાછા વળ્યા.

સંધી જમાદારે ગાડું હાંકી મૂક્યું.

[૨]

સંધી જમાદાર એ વિશેષ નામ ન હતું—હતી તો લોક જીભે ચડેલી અટકઃ ખરી રીતે તો જાતિની ઓળખ. પણ આખા ગામમાં એ એ નામે જ પ્રસિદ્ધ થઈ ગયો. અને મૂળ નામ અદશ્ય થઈ ગયું.

'સંધી જમાદાર !' મોહિનીએ થોડી વાર પછી કાંઈક ભારે અવાજે કહ્યું.

'અરે હો, હો, જો ને, જો ને' કહીને અધીરી જમાદાર આગળના બળદને હાંકવામાં જ ધ્યાનને જવાબ ન આપી શક્યો.

'સુખી જમાદાર !' બે ત્રણ વખત મોહિનીનો અવાજ વધારે મોટે થતો ગયો.

'જુઓ જુઓ, જો ને, જો ને, આંખ જ દેખતા નથી !' ફરી વાર પણ જમાદારે જવાબ વાળ્યો નહિ.

'સુખી જમાદાર !' મોહિનીએ ત્રીજી વાર કહ્યું. એ રસ્તા પર પોતે અદ્દભુત ચીતરામણ જેવી નીકળી હતી—લગભગ એ જ રસ્તા પર આજે પાછી ફરતી, અજ્ઞાન નહિ, તેમ જ્ઞાન નહિ—પણ યંત્ર જેવી નિયમિત બુદ્ધિની—બુદ્ધિની પણ નહિ—ટકોરાબંધ ફીરકી બનીને ફેર ખાતી ફરી રહી હતી. આજે પહેલી જ વખત પોતાના પિયરનું માણસ જોતાં મોહિનીનું હૃદય ભારે થઈ ગયું હતું, અને તેની સાથે કાંઈક વાત કરવા તલસી રહ્યું હતું. સુખી જમાદારે પાછું જોયા વિના જ જવાબ વાળ્યો: 'બેન ! બધુંય તારા ધ્યાનમાં છે. તું શાની છો ને બેટા ! કાંઈ રહેજે બીજું શું !'

સુખી જમાદારને વિનાશી જે દૃષ્ટિએ નિહાળેલી એ દૃષ્ટિ યાદ આવતાં એને ખરાબ લાગ્યું હશે એમ ધારીને મોહિનીએ જરાક સાંત્વન કર્યું: 'જમાદાર ! એ તો મોટા માણસ—પણ આપણે—'

'હા બેન ! હા.' કહીને જમાદારે ઊંચું જોઈને ગાડું જ હાંક્યે રાખ્યું.

લગભગ ત્રણ ચાર કલાકને અંતે એક વાડી આવી; અને ગામની સીમ દેખાવા માંડી.

[૩]

સંધી જમાદારે મોહિની તરફ જોયું. એની આંખમાં જેમ એક તરફથી નિઃસીમ કરુણા હતી તેમ બીજી તરફથી ગાઢ વેદના હતી. એણે અવાજ પણ કંઈક ધ્રૂજતો અનુસ્વરનો ઉદ્ગાર નીકળ્યો:

' મોત ! મો...ટા—માં—દીકરી !'

સંધી જમાદાર વિશેષણ જ બોલતો ગયો. વર્ણન કરવાની અશક્તિ—વસ્તુદર્શન આપવાની અશક્તિ—ઘણી વખત કેવળ વિશેષણોને જન્મ આપે છે.

' મોત !'

આ વખતે મોહિની પોતાનાં ગામડાંનાં ઝાડવાં જરાક ઊંચી ડોકે નિહાળી રહી હતી.

' સંધી જમાદાર ! પાનડોશી શું કરે છે ?'

પાનડોશી સંધી જમાદારની પાડોશણ. આખા ગામનું દળણું દળે. એવા ગામમાં તો વાણિયા બ્રાહ્મણનાં બે ચાર સુખી કુટુંબો દળાવતાં, પણ દળણું રોજ મણથી ઓછું ન થાય. ડોશી રાતે બે વાગે ઘંટી ચલાવે.

' ડોશી નાં ? બિચ્ચારી ! એકનો એક છોકરો લટકી પડ્યો ને મરી ગઈ !'

' અરર ! કેમ કરતાં ?'

' આ—હેબત બેસી ગઈ. છોકરો માંદો પડ્યો. ને મારે બેટે રામલે ભૂવે બીવરાવી, કે, છોકરો મરશે જ. છોકરા પહેલાં હું જાઉં એ ધૂનમાં જ મરી ગઈ!'

' અરેરે ! અને છોકરો ?'

'એ રખડે ચોરના માથાનો થોડે. કાંઈ કામકાજ કરતો નથી. રખડે છે, બીડિયું પીએ છે, કૂવાકાંઠે એ ઘડી બેઠો મારી આવે છે ને એ રીંપો. કોઈનો માવાજણ્યો હાથ ન મળે નાં ?'

મોહિનીનું અંતર ઊંડું ઊતરી ગયું: 'પોતાનો ભાઈ કેવો હશે !' હોઠે આવેલો સવાલ એ પાછો ગળી ગઈ. એ બોલી શકી નહિ. એને પોતાની હકીકત જોઈતી હતી. એણે પોતાના રૂગીની હકીકત પૂછી:

'કેશવજી મા'રાજ, હવે તો ઘરડા થયા હશે. વહુ છોકરાને જાડે છે હવે ?'

'મરી ગ્યો બિચારો !'

'અરરર ! કેમ કરતાં ?'

'વહુ છોકરાનો નતનો કંકાસ—બિચારાએ અફીણ પી લીધું !'

મોહિની એકદમ ચુપચુપ બની ગઈ. એનો પ્રશ્નનો રસ ઓસરી ગયો. પોતે જે ગામમાં જાય છે, તે પોતે મૂક્યું હતું તેવું નહિ હોય, એની એને ખાત્રી થઈ ગઈ. એને પોતે કોઈ ભયંકર ખંડેરમાં મડદાં જોવા જતી હોય તેવો ભયસંચાર થઈ આવ્યો: એના મનમાં સળવળાટ થવા લાગ્યો: કોણ કોણ નહિ હોય !

'હીરુ મા તો મજા કરે છે નાં ?'

સંધી જમાદારની વહુનું નામ 'હીરુ' હતું.

સંધી જમાદારે સામું જોયા વિના માથું ધુણાવ્યું: 'એ પણ ગઈ !'

મોહિની બોલ્યા ચાલ્યા વિના સૂનમૂન બેઠી શાંત બેઠી રહી. બેનરનો ઝાંખાં, ઝાંખાં, ને દાઢીએ ઓળખાતાં ને નિરખવા લાગી.

[૪]

અને ગાડું એક ડેલીબંધ કાળી પાસે આવીને ઊભું.

ડેલી પાસે એક નાનો નાગો, શામળા ચહેરાનો, હસમુખો મોહિનીના બાળપણની યાદ જેવો, બાર તેર વર્ષનો છોકરો ઊભો હતો: સંધી જમાદારે એને જોયો, અને તરત મોહિનીને કહ્યું:

'બોન, બેટા!'

સંધી જમાદારના અવાજમાં એટલી બધી કરુણ સુન્દરી હતી કે મોહિનીની આંખ ભીની થઈ ગઈ.

'બોન! બેટા! આમ જો?'

મોહિનીએ જ્યારે સજળ નેને ઊંચું જોયું ત્યારે પેલો છોકરો તો ડેલીમાં ભાગી ગયો હતો.

'આ તારું ઘર બેટા! મેં સાચવ્યું છે—એમ ધારીને કે તું પાછી આવ્યા વિના નહિ રહે!'

'મારી મા?'

સંધી જમાદાર બોલ્યા વિના બે હાથે મોં છુપાવી ગયો. અમંગળની માત્ર શંકા હતી તે ખરી પડતી હોય તેમ લાગવાથી મોહિની વધુ સ્પષ્ટતાથી બોલી: 'સંધી જમાદાર! પણ મારી મા? મારી મા ક્યાં છે?'

'બેટા !—' વધારે ન બોલાવાથી સંધીએ કેવળ આકાશ ભણી આંગળી કરી.

'મારા મોટાભાઈ ?'

સંધી જમાદાર કાંઈ બોલ્યો નહિ.

પિતાનું ચિરપરિચિત 'મોટાભાઈ' નામ લેતાં મોહિની રડી પડી. ને આંખોમાંથી નીચે ઉતરી પડીઃ 'સંધી જમાદાર ! અમારા ઘરનું કોઈ જ નથી ?' ને ગાંડાની જેમ ડેલીમાં દોડી. પેલો છોકરો એને આવતી જોઈને અંદરના ભાગમાં દેખાય નહિ તેમ છુપાઈ ગયો.

'બેટા ! આ—! વાત સાંભળ—કોઈ નથી, પણ હું છું ના ?—મારે ગરીબને ઘેર આવજો હો રે.' સંધી પાછળ આવ્યો.

'પણ—વિરંચિ—મારો નાનો ભાઈ, એ ક્યાં છે ? એને કોણ લઈ ગયું ?'

ડેલીમાં પેસતાં દૂરથી એક તરફની નાની ઓરડીની બારસાખી જેવી દેખાડીને સંધી જમાદાર બોલ્યો :

'તારો ભાઈ છે, બેટા, ખુદાની રહેમથી જીવે છે ને હવે તું આવી ગઈ. તારો ભાઈ છે, બેટા, જા, હું હમણાં આવ્યો. પેલી ઓરડીમાં ઊભો હશે.'

મોહિની દોડી. ગાંડાની માફક દોડી. બે આંખમાંથી આંસુ ચાલ્યા જતાં હતાં : પગમાં મનના જેવી ઝડપ હતી. તે દોડી. એની રેશમી સાડી સરકી ઊડી પડી—વાળની વેણી વિખરાઈ ગઈ—તે ઓરડી તરફ દોડી ગઈ.

[૫]

ઓરડીને પિતાનું મજબૂત તાળું લાગી રહ્યું હતું. મોહિની દોડીને તાળાને જોતાં જ વળગી પડી ને ક્યાંય સુધી જમાનાએ એને ધીરજ આપવા માટે જ ધ્યાન કરી નથી. બાકી પોતાનો નાનો ભાઈ પણ છૂટ્યો નથી, એ સાંકળ ખેંચતાં ને તાળાને અફાળીને મોહિની રડવા લાગી: 'ભાઈ! તાળું ઉઘાડો—હું આવી છું—હું મોહિની, મોટાભાઈ!'

વસ્તુસ્થિતિનું ભાન કરાવવા માટે હોય તેમ અચાનક તાળું ખસકી ગયું—ખરી રીતે તો, એ પૂરું વસાયેલું જ ન હતું.

મોહિની અંદર દોડી ગઈ—રડતી રડતી ને બોલતી: 'મોટાભાઈ!'

પોતે પિતાને જે નામથી હમેશાં સંબોધતી તે સંબોધન આજે એના અંતરમર્મને જાણે વીંધી રહ્યું હતું: તે વ્યગ્રતાથી, વેદનાથી, જાણતાં છતાં ન જાણતી હોય, સત્ય તજીને કલ્પનાથી આશ્વાસન મેળવવા મથતી હોય, જાણે આ નામોચ્ચારણથી પણ કાંઈક શાંતિ મળતી હોય તેમ બોલી રહી: 'મોટાભાઈ!'

આખી ઓરડી ખાલી હતી. એમાં ઠેર ઠેર ભાંગલાં તૂટલાં વાસણ રખડતાં હતાં. દોરી ઉપર, ખીંટી ઉપર ને જમીન ઉપર લૂગડાં કરતાં ગાભા કહેવાય તેવાં લૂગડાં જેમ તેમ નાખી દીધેલ પડ્યાં હતાં: ઓશરીમાં એક તરફ ચુલામાં રાખનો ઢગલો પડ્યો હતો.

'ગોરાભાઈ !'

કેવળ શબ્દનો પડઘો હોય તેમ આખી ઓરડી જાણે બોલી રહી : 'નથી !'

સંઘી જમાદાર આવ્યો ત્યારે મોહિની એક તૂટેલ ખાટલી ઉપર જેમ તેમ પડી રુદન કરતી હતી. એને પહેલો જ એવો અચાનક અને બોલવા વિનાની બોલીથી—કેવળ વાતાવરણમાંથી—પોતે ઓળખ્યો હતો કે, એ કોઈ પણ પૂછવા—કોઈ પણ જાણવા અશક્ત બની ગઈ હતી. કેવળ 'કોઈ નથી'—માતા નથી, પિતા નથી, ભાઈ નથી, 'કોઈ નથી' એ ભયંકર સત્ય હરપળે જાણે અવાજ કરી રહ્યું હતું.

'બેટા !' સંઘી જમાદાર બોલ્યો. 'આંઈ વીરજીભાઈ નથી કે શું !'

વિરંચિ શબ્દનો આ અપભ્રંશ અત્યારે એટલો મૂલ્યવાન હતો કે મોહિની અરધી બેઠા જેવી થઈ ગઈ.

'સંઘી જમાદાર ! મારો ભાઈ જીવે છે—સાચું બોલજો—ક્યાં ગયો છે !'

'અરે, હમણાં જ મેં ડેલીએ દીઠો ને !'

'પણ આંહીં તો કોઈ નથી'

'હશે મારી બેની, હશે. એ બીજે ક્યાંય નો જાય, એ બંવ બંવ તો ગજીવાડામાં નાનકી પાસે રમતો હશે !'

'નાનકી કોણ !'

'રૂખડો નો'તો—રૂખડો સુવાળો—એની છોકરી. આંહીં મંજીવાડામાં એની દેખરેખ છે તે મા દીકરી બેય રે' છે.

રૂખડો તો ગમારો જેવા થઈ ગયો, ને ચોરાપાંચમાં ફરી ગયા ને પાછો ગો આવ્યો.'

ગોદિની ગાંગી જમાદારની પાછળ પાછળ ચાલી. ગાંગી જમાદાર આગળ આગળ હતો. પાછળ પાછળ ગોદિની ચાલી રહી હતી. રૂખડો પાછળો એની પાછળ આવ્યો. એ પણ બિચારો એક આરો પાડોશી હતો.

ગાંગી જમાદાર બોલતો હતો:

'તારી માં તો બેટા કડકડિયો તાવ આવ્યો ત્યારમાં, નંખ મરી ગઈ. તારે બાપે બાકાર પાછળ એક કર્યાં. ડાક્તર ઉપર ડાક્તર બોલાવ્યા. પણ તૂટી દોરીનું કાંઈ સંધાણ છે!'

ગોદિની સવાલ પૂછવા જેટલી ધીરજ હજી મેળવી શકી ન હતી. તે સાંભળી રહી.

'તારે બાપે કરજ કરીને દા'ડો પાણી પતાવ્યું. દવાદારૂમાં પણ લખલૂટ ખરચો થયો. ઘર વેચવા કાઢ્યાં. મેં કીધું "બાપા! મને લગન છે ને મને આપો. તમે કો' તે આપું," આમ તારા બાપે કર્યું. બચ્ચારા! આ ડેલી એણે કરી બેટા! ને તું જે ઓરડીમાં હતી ઈમાં તારો ભાઈ રે' છે. નાનું છોકરું એકલું—બચારું ગભરાય તો ખરું, પણ હું આવતો જતો આંટો મારું. કાં'ક રૂખડાની વૌ પાણી નાખી જાય. ઈની છોકરી નાનકી બ'વ સારી. હાલતી ચાલતી કાંક કાંક કામ કરી જાય—ને ઈમ ને ઈમ દી કાપેં છે.'

ગંજેરાડામાં ઊગેલા બીડાના છોડવા વચ્ચે થઈને

બંને જણાં આગળ વધ્યાં. પીળાં ધમરક 'અસંખ્ય 'ફૂલોથી વાડો શોભી રહ્યો હતો : પાસેની વાડ 'ઉપર ચડેલાં તૂરિયાના વેલા પોતાની શોભા બતાવી રહ્યા હતા.

સંપી જમાદારે બૂમ પાડીઃ 'વીરશી ભાઇ, એ વીરશી ભાઇ !'

'અહીં તો કોઈ નથી, જમાદાર !' 'રૂખડાની વહુ ઝૂંપડી બહાર ખાટલા ઉપર બેઠી હતી તેણે ઉત્તર વાળ્યો.

'બેન આવ્યાં છે !'

'બેન !'

'હા. હા. 'બેન—કેમ વળી મોહની બેન'

'હા' કરતીક ને રૂખડાના વહુ બેઠી થઈ. આ બાજુ આવી. મોહિની સામે આવી.

'બેન, બાપા ! ભલે આવ્યાં. હવે ભાઈની સંભાળ લ્યો. બચારું મા વિનાનું છોકરું કાંઈ મોટું થાય. બચારો બાપ અહો અહો વાતાં કરતો—એનું ય રબોળું ગયું !'

એટલામાં મંજી તરફ કૂતરાંને દોડતાં જોઈ સંપી જમાદાર તે તરફ વળ્યોઃ 'બેન ! આમ હાલો.'

[૬]

મંજીવાડાના નજીક જઈ ને સંપી જમાદાર ને મોહિની ઊભા રહ્યાં : અંદરના પૂળા કાઢી નાખવાથી થએલી ઊંચેની બખોલમાં બે છોકરાંને બેઠેલાં તેમણે જોયાં. ચૂપ રહેવાની નિશાની કરી જમાદાર એક બાજુ ઊભો રહ્યો : મોહિની તેની પાસે ઊભી રહી.

'કોણ આવ્યું, વિરંચિ !'

મુશ્કેલીમાંથી છૂટકારા નહીં [illegible] પછી [illegible] ન હતું. એનો [illegible] કહીને કદી કહ્યું નહિ.

'એ રહ્યો! [illegible] ! ' નાનકીએ [illegible] [illegible] એક [illegible] [illegible] [illegible] [illegible] કહ્યું.

કેવી જમાદારે ને મોહિનીએ [illegible] [illegible] 'ચાલુ' [illegible] ! [illegible] [illegible] [illegible] કરી [illegible]: 'ચાલો!'

નાનકીએ ધાર્યું હતું કે વિરા તરફ જોતો વિરંચિ કંઈ બોલશે કે હસશે નહિ. તે એના હાથમાં મશગૂલ હતો. તે તરફ જોતો એ બોલ્યો 'આવો! નાનકી એક તો સુધાર છે—ને પછી—એક રોટલો આવે—હાથ ધરે! નાનકી મારો મોટાભાઈ લાગે છે!'

મોહિની ને આખી જમાદાર અબેએ મોહરમ આવે જ પાછળની દિશામાં જોયું. ત્રાંબાના બેનરની જેટલી વળીને એક જણો સામો આવતો હતો: સવાર તો હવે રસ્તે થઈને આવવા મુખ્ય ઝાંપા તરફ જતો લાગ્યો.

'મોહિની બેન!

મોહિની સામી જમાદાર સામે જોઈ રહી.

પેલો માણસ નજીક આવી પહોંચ્યો હતો. ખડખડાટ અટ્ટહાસ્ય હસતો જ આવ્યો.

ઉપરથી વિરંચિએ તાળી વગાડી. નાનકીએ એનો હાથ પકડ્યો લાગ્યો. 'રહેવા દે!'

ઉપરથી સિગારેટનું અરધું બળી ગયેલું ઠૂંઠું વિરંચિએ

ફેંક્યું. સમળી ઝડપ મારીને જેમ શિકાર ઉપાડે તેમ પેલાએ જબરો કૂદકો મારીને તે ઉપાડી લીધું.

'મો ટા ભાઈ! તમે?—' મોહિનીનો અવાજ ફાટી ગયો. સંધી જમાદારે ટેકો આપ્યો ન હોત તો તે જમીન ઉપર જઈ પડત; પણ તેની ભીની આંખમાંથી વધારે ને વધારે જોર કરીને આંસુ વહેવા લાગ્યાં.

'બેન! બાપુ! તારા બાપ તો તારી મા પછવાડે ગાંડા થઈ ગ્યા'તા. આજ કેટલાં બે ત્રણ વરસથી ગામમાં દેખાણા નથી: પણ આજ ભગવાનને મેળ મેળવવો લાગે છે!'

એક અરધા ઉઘાડા મોંવાળો, મોટી બિહામણી આંખોવાળો, મોટા વાળવાળો, વારંવાર અકારણ હસતો ને રડતો, ધૂળમાં ખરડાયલી દેહવાળો, અરધી ઉઘાડી કાયનો, ગાંડો, મોહિની સામે આવીને બીડીનું ઠૂંઠું બતાવી, હાથની નિશાની કરી દીવાસળી માગવા લાગ્યો!

'મોટાભાઈ!' મોહિની બે હાથ લાંબા કરી તેની ગોદમાં સમાવા દોડી. સંધી જમાદારે એને થોભાવી: 'અરે, બેન બેટા! તું ગાંડી થઈ છો? એને કાંઈ ખબર છે?'

ખડખડાટ હસતો ગાંડો, વધારે જોરથી બીડી સળગાવવાની દીવાસળી માગવા લાગ્યો.

'હટ જા—યે ગંડુ—' એટલામાં પેલો સવાર ઝાંપા બહાર ઘોડો ઊભો રાખી આવી પહોંચ્યો હતો, તેણે કાગળ વાંચવા કર્યું. એક ઘડીભર ગાંડો એક બાજુ ઊભો રહ્યો. પછી રડવા લાગ્યો.

મોહિની બે'ન, કાગળ!'

લાંબો હાથ કરી મોહિનીએ સવાર પાસેથી કાગળ લીધો. અધીરાઈથી તે ઉઘાડ્યો. તે વાંચવામાં પડી ગઈ.

ધબધબ બે ધૂબકા સંભળાયા. વિરંચિ ને નાનકો બન્ને નીચે ઊતરી ગયાં હતાં: ને વિરંચિ છેક મોહિની પાસે આવી, તેની સાડીનો લટકતો છેડો પકડી બાળકની કૌતુહલતાથી સવાર તરફ ને મોહિની તરફ જોઈ રહ્યો હતો.

કાગળ નીચે પ્રમાણે હતો: વિનાયકનો હતો.

'મારે અચાનક જવું પડે તેમ છે એટલે હું ઊપડી જઉં તે પહેલાં સાંજે તમે પાછાં ફરી જશો. આ સવાર કાગળ પહોંચાડી દેશે, તેમ જ સવારીમાં પણ સાથે રહેશે. ગાડા કરતાં એમ વહેલું પહોંચાશે. એનો ઘોડો પણ પાણીદાર ને નરમ છે. જલદી આવજો. ને મહેરબાની કરીને સાથે કોઈની હપ ન લાવતાં—વિનાયક.'

મોહિનીએ કાગળમાંથી ઊંચું જોયું. એનો હાથ અચાનક જ વિરંચિના માથાને પોતાની પાસે ખેંચી રહ્યો. તેણે આંખો મીંચીને — જાણે ઉઘાડવાથી કાંઈક સુખ ચાલ્યું જશે — એવી કુદરતી પ્રેરણાથી જ પોતાના નાના ભાઈને પોતાના પાલવ નીચે સંતાડીને ચુંબનોથી નવરાવી દીધો. એને અત્યારે બોલવું ન હતું: જોવું ન હતું: કેવળ સ્પર્શથી જ આનંદ અનુભવવો હતો. વેદના ભરેલો આનંદ — જે હાથમાં મળે છે ને જીવનમાં ક્યારેક જ મળે છે. તેની બંધ આંખોમાંથી છાની આંસુની ધારા વહી રહી હતી. તે વિરંચિને વધારે ને વધારે લાડ લડાવી રહી. તે ધબ દઈ ને નીચે બેસી ગઈ ને વિરંચિને ખોળામાં બેસારી તેના માથા પર, ગાલ પર, હાથ પર હાથ ફેરવી રહી.

'બેટા!' સંધી જમાદાર આ દૃશ્ય જોઈ ગળગળો બની ગયો.

મોહિની કાંઈ બોલી નહિ.

'બોન, બેટા!' સંધી જમાદાર ફરી વાર બોલ્યો.

મોહિની આંખો ઉઘાડ્યા વિના, માત્ર પોતાનો હાથ ફેરવીને, વિરંચિની જીવનવેદના વાંચી રહી હતી. તે કાંઈ બોલી નહિ.

'બોન, બેટા! એક મારું ગરીબનું વેણ પાછું ઠેલીશ માં. મારે છોકરું છૈયારું કાંઈ નથી. તારા બાપનું ઘર લીધું છે—ઈ તને પાછું સોંપું છું. પાંચ પંદર દી રહી સમું નમું કરી, ભાઈને લઈને પાછી જાજે. મને એક ઓરડી રે'વા દેજે. મારે ઘરને હવે શું કરવું છે? મારેય પાછળ કોણ છે?'

ધ્રૂજતે સાદે, આંખો ઉઘાડયા વિના જ મોહિની બોલી:
'વિરંચિ — બેટા — ભાઈ — પેન્સિલનો કટકો છે?'

વિરંચિએ ખીસામાંથી, એક સિગારેટનું ઠૂંઠું ને એક પેન્સિલનો કટકો કાઢ્યો.

'અને કાગળ?'

'વિરંચિભાઈ પાસે કાગળ કેવો?' નાનકી મદદે આવી. એનો અવાજ સ્પષ્ટ ને મધુર હતો. 'લ્યો બે'ન, આ કાગળ!'

મોહિનીએ આંખો મીંચી રાખીને જ એમાં લખવા માંડ્યું:

'હું હવે જી રહી નથી. હવે તમારા ખપની રહી નથી.'

આટલું લખ્યા પછી એ જરાક થોભી ગઈ.

સંધી જમાદાર બોલ્યો: 'બેટા! ગમે તેટલી મદદ

મારો વર કરે તો પણ એ તારું ઘર છું પાછું ને કરે તો મારો જન્મ અવગતે જાશે હો !'

મોહિની મનમાં મન્થન કરી રહી. 'હું કોણ છું ?' અને તેણે કાગળ લખ્યું. 'હું પાછી ફરી શકું તેમ નથી. હું તો મા તા બ ની ચૂકી છું : હું પાછી નહિ આવું—મોહિની.'

'સંત્રી જમાદાર ! યે કાગજ—સવાર !'

'જી !'

'યે કાગજ લે જાઓ. વાપસ જવાબ લાનેકા નહિ ૬૧ મગર ફૌરેન જાઓ—આપસે સાંજકુ પહોંચાડો !'

સવાર સલામ ભરીને ચાલ્યો ગયો.

સંત્રી જમાદાર બોલ્યો : 'માણસ તો મોકલી દીધો, ...ટો, તારા વરને અહીં આવે એમ લખ્યું હોત !'

મોહિનીએ આંખ ઉઘાડી : જાણે નવી સૃષ્ટિ જોતી હોય તેમ વિરંચિ સામે જોઈ રહી : 'બેટા—ભાઈ—...યું કહું? વિરંચિ; તને આ નામે બોલાવું !'

છોકરો તેના ખોળામાંથી બેઠો થયો : તે ધીમેથી બોલ્યો : 'બેન !—તમે પાછાં ચાલ્યાં જાશો ? પાછાં જવાનાં હો તો ભાઈ કહો—રહેવાનાં હો તો બેટા.'

મોહિનીએ વિરંચિને બન્ને હાથે પોતાની છાતીમાં સમાવી દીધો અને વારંવાર એનું એ બોલી ...

'બે ટા !—બે ...

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયની બાળ ગ્રંથમાળાઓ

આનંદમાળા

૧ બિલાડીનું પરાક્રમ [હસમુખલાલ શાહ]	૦–૩–૦
૨ ખા ખા ખમણાં ,,	૦–૧–૦
૩-૪ દેશદેશની લોકકથાઓ [સચિત્ર] ભાગ ૧-૨	૧-૧૨-૦
૫-૬ દેશદેશની અદ્ભુત વાતો [સચિત્ર] ભાગ ૧-૨	૧-૧૦-૦
૭-૮ બાળકોનું મહાભારત ભાગ ૧-૨	૧-૧૨-૦
૯ રોબિન્સન ક્રુઝો	૧–૪–૦
૧૦ પાંચ લોકકથાઓ [ગિજુભાઈ]	૦–૪–૦
૧૧ સંવાદ કુસુમ	૦–૮–૦
૧૨ આઈજલ કથાઓ	૦–૮–૦
૧૩ કાગળ પત્રો [ત્રીજી આવૃત્તિ]	૦–૩–૦
૧૪ રાષ્ટ્રધ્વજ	૦–૪–૦
૧૫ મહારવટિયો મીરખાં	૦–૫–૦
૧૬ એદુતનો શિકારી	૦–૩–૦
૧૭ આપણે પાપે	૦–૨–૬
૧૮ ફુવારો	૦–૩–૦
૧૯ કામધેનુની દીકરી [દાસો ?]	૦–૧–૦
૨૦ અંજુરિપાબાઈ [ભાગ બીજો]	૦–૩–૦

ગૂર્જર બાલકથાવલિ
[પહેલા વર્ષનાં પુસ્તકો]

૨૧ શાંતિકથાઓ [બીજી આવૃત્તિ]	૦–૨–૬
૨૨ દીપમાળી [બીજી આવૃત્તિ]	૦–૩–૦
૨૩ ગુણગુણ ,,	૦–૨–૬
૨૪ ટન ટન ટન ,,	૦–૨–૬
૨૫ ક્યારે સમજશું ! ,,	૦–૩–૦
૨૬ ટોલરટોયની નીતિકથાઓ [બીજી]	૦–૩–૦
૨૭ વરતો અને ઉખાણાં	૦–૨–૬
૨૮ વેરાયલાં ફૂલ ,,	૦–૩–૦
૨૯ રંગીલો રાજહંસ ,,	૦–૩–૦
૩૦ પ્રશ્નપેટી ,,	૦–૩–૦
૩૧ ગણિતગમ્મત ,,	૦–૨–૬
૩૨ હસતું મોં ,,	૦–૩–૦
૩૩ પ્રાણીવર્ણન ,,	૦–૪–૦
૩૪ બાળકોની રમતો ,,	૦–૩–૦
૩૫ ધરતીકંપ ,,	૦–૩–૦
૩૬ ચાર સુંદર સંવાદો	૦–૩–૦

હરીન્દ્રનાં બે નાટકો ૦-૭-૦
કર્મભૂમિ ભા. ૧
[સચિત્ર] ૨-૦-૦
કર્મભૂમિ ભા. ૨ ૨-૮-૦
સંગીતમાર્ગદર્શિકા ૦-૬-૦
સંગીતવિનોદ ૦-૧૦-૦
વિદ્યાર્થી અને
યુવકોને ૦-૪-૦
સાચું જીવન
[ટોલ્સ્ટોય] ૦-૧૦-૦

રાષ્ટ્રિય સાહિત્ય

૩ મીરાંબેન ભા.૧-૨ ૦-૩-૦
૮૪-૮૫ રંગદ્વેષનો દુર્ગ
[દક્ષિણ આફ્રિકાનો
પ્રશ્ન] બે ભાગમાં
[સચિત્ર] ૫-૦-૦
૮૬-૮૯ આખરી ફેંસલો
ભા. ૧-૨-૩-૪
[મહાત્માજી] પાકું પૂંઠું ૬-૪-૦
કાચું પૂંઠું ૫-૦-૦
૯૦ સંપૂર્ણ દારૂનિષેધ ૦-૮-૦
૯૧ હરિજન ભાગવત ૦-૧૨-૦
૯૨ તરુણ ભારત
[વીર લાલાજી] ૧-૧૨-૦
૯૩ હિંદુસ્તાનના વેપાર-
ઉદ્યોગનો નાશ ૦-૮-૦
૯૪ બેવડું પાપ યાને
હિંદુસ્તાનની પાય-
માલી [ગોપાળદાસ
પટેલ] ૦-૬-૦
૯૫ બંગાળા બેહાલ ,, ૦-૭-૦
૯૬ સ્વરાજ્યનાં ગીતો
[જાસ] ૦-૧૦-૦
૯૭ દેશી રાજ્ય ને
ફેડરેશન ૫-૦-૦

જૈન સાહિત્ય

૯૮ આધ્યાત્મિક વિકાસ-
ક્રમ(પં.સુખલાલજી ૦-૬-૦
૯૯ જૈનદૃષ્ટિએ બ્રહ્મ-
ચર્ય વિચાર ,, ૦-૫-૦
૧૦૦ ભગવાન મહાવીરના
દશ ઉપાસકો ૦-૮-૦
૧૦૧ સામાયિકના પ્રયોગો
[પં. લાલન] ૦-૫-૦
૧૦૨ અન્તગડદસાઓ ને
અણુત્તરોવવાઇયદ-
સાઓ [એમ. સી.
મોદી અંગ્રેજી અનુ-
વાદ નોટસ, કોષ
સાથે] ૩-૦-૦
૧૦૩ સમરાઇચ્ચકહા
બે ભાગ-પાકું પૂંઠું ૪-૦-૦

૧૦૪ ધ્વન્યાલોક [ડી. એમ. શાહ] ૨-૦-૦
૧૦૫ નિરયાવલિયાઓ: સટીક [વી. જે. ચોકશી ને ગોપાણી] પાકું પૂંઠું ૩-૧૨-૦
૧૦૬ પ્રાકૃત માર્ગોપદેશિકા [પં. બેચરદાસ] ૨-૦-૦
૧૦૭ વિપાકસૂત્રં: સટીક [એમ. સી. મોદી ને વિ. જે. ચોકશી] ૩-૦-૦
૧૦૮ અનેકાર્થસાહિત્ય-સંગ્રહ સં. ચતુર-[વિજયજી] ૨-૦-૦
૧૦૯ સોળ સતી [ધીરજલાલ ધ. શાહ]૧-૪-૦
૧૧૦ સમરાઇચ્ચકહા ભવ ૬ ઠ્ઠો ૨-૮-૦
૧૧૧ હેમચંદ્રાચાર્ય ૦-૮-૦
૧૧૨ બ્રહ્મદત્તચરિયમ ૧-૦-૦
૧૧૩ રાજપ્રશ્નીય સટીક છપાય છે

સોલ એજન્સીનાં પૂસ્તકો

૧૧૪ દિલારામ [અનુ૦માણેકલાલ જોશી] ૧-૮-૦
૧૧૫ પ્રેમળ જ્યોતિ ,, ૧-૮-૦
૧૧૬ યામા ,, ૩-૮-૦
૧૧૭ પ્રાણગાનિ [શ્રી. કેશવલાલ ધ્રુવ] પાકું પૂંઠું ૨-૦-૦
૧૧૮ આપણી ગઝલો ,, ૧-૦-૦
૧૧૯ પરિમાલિકા ,, ૧-૪-૦
૧૨૦ જીવનસંગીત: સચિત્ર [ડૉ. હરિપ્રસાદ દેસાઈ]૨-૦-૦
૧૨૧ ખોવાયેલા તારા [અ. ઝીણાભાઈ દેસાઈ]૧-૮-૦
૧૨૨ રજકણ [ધૂમકેતુ] ૧-૪-૦
૧૨૩ પ્રનિદાસ દર્શન ,, ૦-૮-૦
૧૨૪ જલબિંદુ ,, ૧-૮-૦
૧૨૫ તણખા : મંડળ ચોથું ૨-૦-૦
૧૨૬ જીવનચક્ર ,, ૧-૪-૦
૧૨૭ લખમી અને બીજી વાતો [ધૂમકેતુ] ૦-૨-૦
૧૨૮ ગોવિંદનું ખેતર અને બીજી વાતો ૦-૨-૦
૧૨૯ તણખામંડળ:ત્રીજું૧-૮-૦
૧૩૦ નરકેસરી નેપોલિયન ૦-૨-૦
૧૩૧ સર્જન ને ચિંતન છપાય છે
૧૩૨ મલ્લિકા ૨-૦-૦
૧૩૩ દેવકથાઓ ૦-૬-૦
૧૩૪ નર્મદનું ગદ્ય મંદિર ૨-૮-૦
૧૩૫ ગુજરાતનું પાટનગર [રત્નમણિરાવ ભીમરાવ ૧૦૩ ચિત્ર સહિત]૬-૦-૦

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયમાં પ્રકાશ...

૧૩૬ નરેન્દ્ર મંદિર ૧-૮-૦
૧૩૭ અંબાજીનો ઇતિહાસ ૪-૮-૦
૧૩૮ '૪૩-'૪૪નું ગ્રંથસ્થ વાઙ્મય ૦-૧૨-૦
૧૩૯ '૪૪-'૪૫નું ગ્રંથસ્થ વાઙ્મય ૦-૧૨-૦
૧૪૦ '૪૫નું ગ્રંથસ્થ વાઙ્મય ૦-૧૨-૦
૧૪૧ ચંદર [મોહનલાલ ધ. શાહ] ૦-૬-૦
૧૪૨ દિલની વિદ્યાપીઠ [ઇનિલાલ ત્રિવેદી] ૧-૮-૦
૧૪૩ ઊર્મિરત્ન [મગનલાલ ઘ. ભટ્ટ] ૧-૦-૦
૧૪૪ પથિકનાં પુષ્પો ૧-૦-૦
૧૪૫ વિદ્રુમ રેખ [નરસિંહભાઈ પટેલ] ૨-૦-૦
૧૪૬ નૈવેદ્ય [ટાગોર] ,, ૦-૮-૦
૧૪૭ ઉજાણી ૦-૩-૦
૧૪૮ આફ્રિકાના પત્રો ૦-૬-૦
૧૪૯ રૂદિનાં કસ્તર [લાખી નવલકથા] ૨-૮-૦
૧૫૦ પ્રતિજ્ઞા [નાટક] ૦-૬-૦
૧૫૧ સૂરો વચ્ચે સોપારી ૦-૪-૦
૧૫૨ દૃષ્ટાંત શતક ૦-૧૦-૦
૧૫૩ ભારતીય સ્વરાજ્ય ૪-૮-૦
૧૫૪ નાનાં ફૂલ [ધનશંકર ત્રિપાઠી] ૧-...
૧૫૫ ધર્મ અને ધર્મનાયક ૦-...
૧૫૬ આમ્રાદીનો ધર્મ ૧-...
૧૫૭ રોમનું બાળ ૧-...
૧૫૮ ઇજનેરી સોદાગરો ૧-...
૧૫૯ મોતીકુમાર પ્રકાશ ૨-૮...
૧૬૦ માથાનું દાન [અંગ્રેજી કથા પરનું નાટક] ૦-૮-...
૧૬૧ પાપા ૦-૫-...
૧૬૨ બીલકુમાર અને બીજાં નાટકો
૧૬૩ પડઘાવ ૦-૫-...
૧૬૪ રવિયાના પત્રો ૦-૮-... [ટાગોર] ૧-૦-૦
૧૬૫ આત્માનાં આંસુ ,, ૦-૩-૦
૧૬૬ તારામૃદાર ૧-૪-૦
૧૬૭ દીપમાળ: ટૂંકી વાર્તાઓ ૧-૪-૦
૧૬૮ સંક્ષિપ્ત કરણઘેલો ૦-૮-૦
૧૬૯ ઝૂરતું હૃદય ૦-૫-૦
૧૭૦ હીંગળી [નાટક] ૦-૧૨-૦
૧૭૧ સુંદર વાતો [ગિજુભાઈ] ૦-૬-૦
૧૭૨ આભાચાલિયું ,, ૦-૮-૦
૧૭૩ બેરૂ ,, ૦-૬-૦
૧૭૪ ટપકથા ભાગ ૧-૨ ૦-૮-૦
૧૭૫ સુરધુની ૦-૧૨-૦

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ